અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ માર્ચ ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૨૨૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## તમિલનાડુના સલેમમાં રાહુલની 'શક્તિ' ટિપ્પણીનો ઉલ્લેખ કરી પ્રહાર

# કોંગ્રેસ-ડીએમકેને હિન્દુ ધર્મનું અપમાન કરવાની આદત થઈ ગઈ છે : પીએમ મોદી

। નવી દિલ્હી, તા.૧૯ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના સલેમમાં જાહેર સભામાં રાહુલ ગાંધીની 'શક્તિ' ટિપ્પણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વિપક્ષી દળનું 'ઈન્ડિયાગઠબંધન' વારંવાર ઈરાદાપૂર્વ હિન્દુ ધર્મનું અપમાન કરે છે. તેના સહયોગી દળ કોંગ્રેસ અને ડીએમકેની પ્રવૃતિ હિન્દુ ધર્મનું અપમાન કરવાની આદત થઈ ગઈ છે. હિન્દુ ધર્મ વિરુદ્ધ તેમના દરેક નિવેદન સમજી વિચારીને આપવામાં આવે છે. વડા પ્રધાન મોદીએ ઈન્ડિયાગઠબંધનના સાથી પક્ષો પર નિશાન સાધતા કહ્યું કે, તમે જુઓ ડીએમકે અને કોંગ્રેસનું ઈન્ડિયાગઠબંધન બીજા કોઈ ધર્મનું અપમાન નથી કરતું. બીજા કોઈ ધર્મ વિરુદ્ધ તેમના મોઢામાંથી એક શબ્દ નથી નીકળતો પરંતુ હિન્દુ ધર્મને અપશબ્દો બોલવામાં તેમને એક સેકેન્ડ નથી લાગતી.

વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીની 'શક્તિ' વાળી ટિપ્પણી ના જવાબમાં કહ્યું કે, આપણા શાસ્ત્રો સાક્ષી છે કે, વિનાશ એનો જ થાય છે જે શક્તિને ખતમ કરવાનો વિચાર ધરાવે છે. આવા ખતરનાક વિચારોને હરાવવાની શરૂઆત ૧૯ એપ્રિલે સૌથી પહેલા મારું તમિલનાડુ કરશે. હજું તો ચૂંટણી અભિયાનની શરૂઆત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ પણ કહ્યું કે, મોદી દેશની નારીશક્તિની દરેક સમસ્યા આગળ ઢાલ બનીને ઊભા છે. મહિલાઓને ધુમાડા મુક્ત જીવન આપવા માટે અમે ઉજ્જવલા એલપીજી ગેસ કનેક્શન આપ્યા છે અમે ફ્રી મેડિકલ ટ્રીટમેન્ટ માટે આયુષ્માન યોજના શરૂ કરી છે. આ તમામ યોજનાઓના કેન્દ્રમાં નારીશક્તિ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે તમિલનાડુના સાલેમમાં એક રેલીને સંબોધી હતી. પીએમના સ્વાગત માટે ૧૧ મહિલાઓ શક્તિ અમ્માના રૂપમાં આવી હતી. જ્યારે નરેન્દ્ર મોદીએ તેમને જોયા તો તેમને સ્ટેજ પર બોલાવ્યા. આ પછી તે થોડા સમય સુધી મહિલાઓને હાથ જોડીને અભિવાદન કરતા રહ્યા. વાસ્તવમાં, રવિવારે મુંબઈના શિવાજી પાર્કમાં ભાષણ આપતાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમણે સત્તા સાથે લડવું પડશે. પીએમ મોદીએ આને મોટો મુદ્દો બનાવ્યો છે. તેમણે કહ્યું છે કે તે પોતાની માતાઓ અને બહેનોની સુરક્ષા માટે પોતાનો જીવ જોખમમાં મૂકશે.





**રેલીમાં ભાષણ આપતી વખતે પણ પીએમએ સત્તા મુદ્દે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, "ચૂંટણી પ્રચારની શરૂઆત જ થઈ છે, પરંતુ ઈન્ડી એલાયન્સની યોજનાઓ અને તેમનો ઢંઢેરો મુંબઈમાં જ તેમની પ્રથમ રેલીમાં ખુલ્લેઆમ સામે આવ્યો છે. શિવાજી પાર્કમાં ઈન્ડી એલાયન્સે ખુલ્લેઆમ જાહેર કર્યું છે કે તેમની પાસે હિન્દુત્વની શક્તિ છે. આ શક્તિનો નાશ કરવા માટે. તમિલનાડુમાં દરેક વ્યક્તિ જાણે છે કે હિંદુ ધર્મમાં શક્તિ કોને કહેવાય છે."**

### ન્યૂઝ બ્રિફ

## પશુપતિ પારસ એનડીએથી અલગ થયા, મંત્રીપદેથી રાજીનામું આપ્યું



। પટણા, તા.૧૯ ।

બિહારમાં એનડીએમાં બેઠક વહેંચણીનો ઉકેલ લાવી દેવાયો છે. બેઠક વહેંચણીને લઈને હવે ગઠબંધનની પાર્ટીઓમાં નારાજગી પણ સામે આવવા લાગી છે. ખાલી હાથ રહેલા પશુપતિ પારસની નારાજગી ચર્ચામાં છે, તો રાષ્ટ્રીય લોક મોર્ચાના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહા પણ નારાજ છે. ત્યારે હવે મોટા સમાચાર મળી રહ્યા છે કે, પશુપતિ પારસ એનડીએથી અલગ થયા છે. આરએલજેપી અધ્યક્ષ પશુપતિ પારસે કેન્દ્રીય મંત્રી પદેથી રાજીનામું આપ વાનું એલાન કરી દીધું છે. તેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને રાજીનામાં અંગે વાત કરી છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'મારી અને મારી પાર્ટી સાથે અન્યાય થયો. એક પણ બેઠક નથી આપવામાં આવી. મેં મારું રાજીનામું મોકલી દીધું છે.'


## પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં ઘૂસીને હવાઈ હુમલો કર્યો હતો

# તાલિબાને આપ્યો જવાબ, પાક સેનાની ચોકીઓ કરી ધ્વસ્ત

**તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

તાલિબાને અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની હવાઈ હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે. તાલિબાની સેનાએ ડુરંડ સરહદ પાસે પાકિસ્તાની સૈન્ય ચોકીઓને ધ્વસ્ત કરી દીધી હતી. અફઘાન મીડિયાએ સંરક્ષણ મંત્રાલયને ટાંકીને હુમલાની પુષ્ટી કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાનની આક્રમકતાના જવાબમાં તાલિબાન સરહદી દળોએ ભારે હથિયારોથી પાકિસ્તાની સૈન્ય કેન્દ્રોને નિશાન બનાવ્યા છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ દળો કોઈપણ આક્રમક કાર્યવાહીનો જવાબ આપવા માટે તૈયાર છે. અમે દરેક સંજોગોમાં અમારી અખંડિતતા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરીશું. વાસ્તવમાં સોમવારે સવારે ૭ વાગ્યે ડુરંડ લાઈન પર તાલિબાન અને પાકિસ્તાની સરહદ સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. આ પછી પાકિસ્તાન દ્વારા રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. જેના કારણે અફઘાનિસ્તાનના દાંડપાટન વિસ્તારના લોકોએ પોતાના ઘર ખાલી કરવા પડ્યા હતા. આ પછી પાકિસ્તાને અફઘાનિસ્તાનના ખોસ્ત અને પક્તિકા પ્રાંતમાં હવાઈ હુમલા કર્યા, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાની ફાઈટર પ્લેન ફરી એકવાર અફઘાન વિસ્તારમાં ઘૂસી ગયા છે.



## બિગબોસ ઓટીટી-૨ના વિજેતાની મુશ્કેલી વધી

# મારપીટના કેસમાં એલ્વિસ યાદવની ધરપકડ માટે ગુરુગ્રામ પોલીસની કાર્યવાહી શરૂ કરી

**એલ્વિશ યાદવ પર ગુરુગ્રામના એક મોલની એક દુકાનમાં કન્ટેન્ટ ક્રિએટર સાગર ઠાકુર ઉર્ફે મેક્સટર્ન પર હુમલો કરવાનો આરોપ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બિગ બોસ ઓટીટી-૨નો વિનર અને સોશિયલ મીડિયા સ્ટાર એલ્વિશ યાદવની મુશ્કેલી વધતી નજર આવી રહી છે. સાપોના ઝેરની સપ્લાઈ કેસમાં નોઈડા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે ત્યારે હવે ગુરુગ્રામ પોલીસે પણ કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. પ્રખ્યાત યુટ્યુબર એલ્વિશ યાદવની મુશ્કેલીઓનો અંત આવવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. રવિવારે સાપના ઝેરની સપ્લાઈના કેસમાં ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવેલા યુટ્યુબર સામે નોઈડા પોલીસની તપાસ ચાલી રહી છે ત્યારે હવે ગુરુગ્રામ પોલીસે પણ કડક કાર્યવાહી કરતા મારપીટના કેસમાં પ્રોડક્શન વોરંટ દ્વારા કન્ટેન્ટ સર્જક મેક્સટર્નની ધરપકડ કરવાની તૈયારી શરુ કરી દીધી છે. એલ્વિશ યાદવ પર ગુરુગ્રામના એક મોલની એક દુકાનમાં કન્ટેન્ટ ક્રિએટર સાગર ઠાકુર ઉર્ફે મેક્સટર્ન પર હુમલો કરવાનો આરોપ છે. ગુરુગ્રામ પોલીસના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાનુંસાર આ કેસમાં તે આરોપી છે, જેથી પોલીસ ટૂંક સમયમાં ગાઝિયાબાદ કોર્ટમાં પ્રોડક્શન વોરંટ પર તેની ધરપકડ કરવા અરજી દાખલ કરશે.



## સુપ્રીમના આદેશ છતાં એસબીઆઈએ ઈલેક્ટોરલ બોન્ડના ડેટા યોગ્ય રીતે જાહેર નથી કર્યા

# એસબીઆઈને યુનિક કોડ જાહેર કરવા સુપ્રીમ કોર્ટની સુચના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઈલેક્ટોરલ બોન્ડ પર સુપ્રીમ કોર્ટના નિર્ણયના એક મહિના પછી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)તેના ડેટ યોગ્ય રીતે જાહેર કર્યા નથી. સુપ્રીમ કોર્ટે એસબીઆઈને ફરી ઠપકો આપવો પડ્યો છે. ચીફ જસ્ટિસ ડી.વાય ચંદ્રચુડે કહ્યું કે, 'શું બેંક કોર્ટના નિર્ણયને સમજી શકી નથી?' સુપ્રીમ કોર્ટ કયા ફોર્મેટમાં ઈલેક્ટોરલ બોન્ડના ડેટા માગે છે અને કઈ માગણીઓ કરવામાં આવી છે?

ચીફ જસ્ટિસ ડી.વાય ચંદ્રચુડે સોમવારે સુનાવણીમાં બેંક અને કંપનીઓ તરફથી હાજર રહેલા વકીલોને નિર્દેશ આપ્યો કે એસબીઆઈને ૨૧મી માર્ચે સાંજે ૫ વાગ્યા પહેલા ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત તમામ ડેટા જાહેર કરે. બેંક બોન્ડનો ડેટા ચૂંટણી પંચને સોંપશે, જે ચૂંટણી પંચની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ૧૫મી ફેબ્રુઆરીના નિર્ણય બાદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ઈલેક્ટોરલ બોન્ડનો ડેટા જાહેર કર્યો હતો. પરંતુ સુપ્રીમ કોર્ટ તેનાથી સંતુષ્ટ નથી. કારણે કે, બેંકે બે ભાગમાં ડેટા જાહેર કર્યો, જે ચૂંટણી પંચની વેબસાઈટ પર જોઈ શકાય છે. આ ડેટાનો પહેલો ભાગ બોન્ડની ખરીદીની તારીખ, બોન્ડ ખરીદનાર વ્યક્તિ અથવા કંપનીનું નામ અને તેની કિંમત દર્શાવે છે. બીજા ભાગમાં, બોન્ડને છોડાવાની તારીખ, પક્ષનું નામ અને તેની કિંમત આપવામાં આવી છે. ત્રીજી નકલ પણ ચૂંટણી પંચની વેબસાઈટ પર ઝિપ ફાઈલના રૂપમાં બહાર પાડવામાં આવી છે, જેમાં બોન્ડની કિંમત, દાતા-બોન્ડ છોડાવાનારનું નામ અને તારીખ સહિતનો ડેટા સામેલ છે.



સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, સ્ટેટ બેંકે અંતિમ ડેટા જાહેર કરવાનો રહેશે, જેમાં બેંકે યુનિક કોડ જાહેર કરવાનો રહેશે, જે એ જાણવામાં મદદ કરશે કે ક્યારે, કોને, કઈ પાર્ટીને અને કેટલું ફંડ આપવામાં આવ્યું. જાહેર કરાયેલ ડેટામાં ફેરફાર કરીને અને એક કોલમ ઉમેરીને, બેંક એક યુનિક કોડ સાથે ડેટાને બે ભાગમાં પ્રકાશિત કરી શકે છે, જે સામાન્ય લોકો માટે સમજવામાં સરળ હશે.

# દિલ્હી ફરીથી વિશ્વનું સૌથી પ્રદૂષિત પાટનગર, બિહારનું બેગુસરાય સૌથી પ્રદૂષિત શહેરમાં સામેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સ્વિસ જૂથ આઈક્યુ એરે વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો અને દેશની રાજધાનીઓની યાદી બહાર પાડી છે, જેમાં ભારતની રાજધાની દિલ્હી ફરી એકવાર વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની બની ગઈ છે. પીઈટીએઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલી માહિતી અનુસાર, બિહારનું બેગુસરાય વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં છે. સ્વિસ જૂથ આઈક્યુ એર અનુસાર, ભારત ૨૦૨૩માં ૫૪.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સરેરાશ વાર્ષિક પીએમ ૨.૫ સાથે ૧૩૪ દેશોમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન પછી ત્રીજા ક્રમે સૌથી ખરાબ હવાની ગુણવત્તા ધરાવતું હતું. સ્વિસ સંસ્થા આઈક્યુ એર દ્વારા ૨૦૨૩નો અહેવાલ જણાવે છે કે બાંગ્લાદેશમાં ૭૯.૯ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર અને પાકિસ્તાનમાં ૭૩.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની નબળી હવાની ગુણવત્તા હતી. ભારત વર્ષ ૨૦૨૨માં ૫૩.૩ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની સરેરાશ પીએમ ૨.૫ સાથે આઠમા સૌથી પ્રદૂષિત દેશ તરીકે સ્થાન પામ્યું હતું.






ગુજરાત યુનિવર્સીટી હોસ્ટેલમા એનઆરઆઈ સ્ટુડન્ટ પર થયેલ હુમલાના કારણે યુનિવર્સીટીના વીસી સુસ્ત બંદોબસ્ત સાથે તમને પ્રોટેક્સન આપ્યુ હતુ.

### કોંગ્રેસના અમદાવાદના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચતા ખળભળાટ

# પક્ષના જ નેતાઓ દ્વારા હેરાનગતિ છતાં પક્ષ સાથે છુ : રોહન ગુપ્તા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

લોકસભા ચૂંટણીની તારીખ જાહેરાત થઈ ચૂકી છે. તમામ પક્ષોએ પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન અમદાવાદ પૂર્વ બેઠકમાંથી કોંગ્રેસના ઉમેદવાર રોહન ગુપ્તાએ મોડી રાત્રે અચાનક જ ઉમેદવારી પરત ખેંચી લેતા રાજકીય ખડભડાટ મચી ગયો છે. કોંગ્રેસ નેતા રોહન ગુપ્તાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'કોંગ્રેસના કેટલાક નેતા ગદ્દારીના સંદેશ મોકલે છે. પક્ષના જ કેટલાક નેતાઓ હેરાન કર્યા છતા પક્ષ સાથે છું. મને હેરાન કરવા શીખામણ આપવાની કોઈ જરૂર નથી. હિંમતસિંહ પટેલે મારા પર વિશ્વાસ મુક્યો છે.' ચૂંટણી ન લડનાવનું કારણ જણાવતા રોહન ગુપ્તાએ કે, 'હું ચૂંટણી લડવા માંગતો હતો, પણ મને હેરાન કરવામાં આવ્યો છે. મેં ચૂંટણી લડવાની ઈમાનદારીથી તૈયારી કરી હતી. મુશ્કેલ બેઠક પર ચૂંટણી લડવાની ટિકિટ સ્વીકારી હતી. મારા પિતા હું ચૂંટણી લડુ તેવું નહોતા ઈચ્છતા. મારા પિતાને કોંગ્રેસના કેટલાક લોકો ઉશ્કેરતા હતા. ચૂંટણી લડવા મુદ્દે મેં મારા પિતાને સમજાવ્યા હતા. મારા પિતાનું આરોગ્ય મારા માટે વધુ મહત્ત્વનું છે. પિતાના આરોગ્યનો સવાલ હતો એટલે જ ચૂંટણી લડતો નથી.' ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પૂર્વ બેઠકમાંથી કોંગ્રેસના ઉમેદવાર રોહન ગુપ્તાએ મોડી રાત્રે અચાનક જ ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. તેમણે પ્રદેશ પ્રમુખને સંબોધીને પત્રમાં લખ્યું છે કે, 'મારા પિતાની અત્યંત કથળેલી સ્વાસ્થ્ય પરિસ્થિતિના કારણે હું ઉમેદવાર તરીકે મારું નામ પાછું ખેંચું છું. વર્તમાન પરિસ્થિતિમાં નૈતિક રીતે આ જવાબદારી સ્વીકારવા અસક્ષમ છું.

## ન્યૂઝ બ્રિફ

### ખોદકામ દરમ્યાન બ્લાસ્ટ કરતા શિવ મંદિર અને ધર્મશાળા સહિતને નુકશાન થયું

। (એજન્સી) સુરેન્દ્રનગર , તા.૧૯ ।

સુરેન્દ્રનગરમાં ખનન માફીયાઓ ફરી બેફામ બન્યા છે. ત્યારે ખનન માફીયાઓએ વિખ્યાત તરણેતર મંદિરની બાજુમાં ખોદકામ શરૂ કર્યું છે. બ્લાસ્ટ અને ખોદકામથી શિવમંદિર અને ધર્મશાળા સહિતને નુકશાન થયું છે. ત્યારે બ્લાસ્ટનાં કારણે ઠેર ઠેર તીરાડો પડી છે. ત્યારે તરણેતરના મેળામાં જે વિવિધ હરીફાઈ થાય છે તે મેદાનમાં ખોદકામ શરૂ કર્યું છે. ત્યારે તરણેતર મંદિરની બાજુમાં આવેલા તળાવમાં પણ ખોદકામ શરૂ કરાયું છે. તળાવની પાળને પણ નુકશાન થયું હતું. આ સમગ્ર બાબતે ખનન માફીયાઓ બેચરભાઈ, અમરાભાઈ, દેવાભાઈ દ્વારા ખોદકામ શરૂ કરાયાની મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. ત્યારે ખનન રોકવામાં નહી આવે તો બ્લાસ્ટથી મંદિરને વધુ નુકશાન થશે. જાગૃત નાગરિકે પત્રમાં શું લખ્યું આ બાબતે જાગૃત નાગરિક દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને લખેલ પત્રમાં જણાવ્યું હતું કે, તરણેતર ગામે જ્યાં લોકભાતીગળ મેળાનુ આયોજન થાય છે. તે મેળામાં જે રમત-ગમત ઘોડારેસ તેમજ પશુ મેળાનું આયોજન કરવામાં આવે છે. તે મેદાનમાં તેમજ ત્યાં આવેલા તળાવમાં માથાભારે ઈસમો દ્વારા મોટા પ્રમાણમાં ખનીજ ચોરી ચાલી રહી છે. જેના લીધે ખનન માટે જે બ્લાસ્ટીંગ કરવામાં આવે છે. તેનાથી જે પૌરાણિક શિવ મંદિર તથા તેની બાજુમાં જે મંદિર તેમજ ધર્મશાળાઓ આવેલી છે.

### કચ્છના અંજારમાં બજાર પાસે શ્રમિકોનાં દસ ઝૂંપડાં સળગાવાયા

। અંજાર , તા.૧૯ ।

કચ્છના અંજારમા બજાર પાસે આવેલ મજૂરોના ૮ થી ૧૦ ઝૂંપડાને રફીક નામના શખ્સે આગ ચાંપી તેમા રહેતા મજુરોને જીવતા સળગાવી દેવાનો પ્રયાસ કર્યો. જો કે મજુરો બહાર આવી ગયા હતા. જ્યારે સાત જેટલા બિલાડીના બચ્ચાં બળી ગયા હતા અને ઝુંપડા પણ ખાખ થઈ ગયા હતા. ત્યારે આ ઘટના બાદ પોલીસ પણ દોડતી થઈ છે. અંજારમાં એક માથાભારે શખ્સની દાદાગીરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મોહમ્મદ રફીક હાજી કાસમ કુંભારની દાદાગીરીને વશ થવા મજૂરોએ ઈકાર કરતાં આરોપીએ મજૂરોના ઝૂંપડાઓને આગ ચાંપી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભોગ બનનાર લોકોની ફરિયાદને આધારે અંજાર પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. અંજારના ખત્રી બજાર નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં રવિવારે સવારે આગ લાગતાં દસ જેટલા ઝૂંપડા બળીને ખાક થઈ ગયા હતા. સદભાગ્યે ઝૂંપડામાં રહેતા મજૂર પરિવારના ૧૨ સદસ્યો બહાર નીકળી જતા તેમનો જીવ બચ્યો હતો. પરંતુ ઝુંપડામાં લાગેલી આગના કારણે તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની જ્વાળાઓ ઝુંપડા ઉપર રહેલી વીજ લાઈનને સ્પર્શતાં વીજ લાઈનમાં પણ ધડાકા થયા હતા. અંજાર ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે આગ અકસ્માતે નહોતી લાગી પરંતુ ઈરાદાપૂર્વક આગ ચાંપી હોવાનો ખુલાસો થયો છે.

# રૂની જૈન તીર્થ ખાતે ગુરૂ ભગવંતોનું ભવ્યાતિભવ્ય સામૈયું-દાતાશ્રીઓનું સન્માન બહુમાન કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) થરા, તા.૧૯ ।

કાંકરેજ તાલુકાના ૧૦૮ પાર્શ્વનાથ જૈન રૂની તીર્થ ખાતે ગાંધી દેવીલાબેન સુરેશકુમાર ખોડા ઢોર પાજરા પોળ ટ્રસ્ટ રૂની દ્વારા આગામી તારીખ ૧૯/૦૩/૨૦૨૪ થી ૨૦/૦૩/૨૦૨૪ એ પ્રતિષ્ઠા તથા ઉદ્‌ઘાટન સમારોહ સુધી જય ઘોષ પટ્ટધર સંઘ શાસક કૌશલ્યાધાર પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ વિજય જય સુંદરસૂરીશ્વર જી મહારાજ સાહેબ આદીઠાણા ની પાવન નિશ્રામાં યોજાશે. આ પ્રસંગે ગઈકાલે તારીખ ૧૯ /૩/ ૨૦૨૪ ના સવારે ગુરૂ ભગવંતોનું ભવ્યાતિભવ્ય સામૈયું અને બપોરે દાતાશ્રીઓનું સન્માન બહુમાન કરવામાં આવેલ.આ પ્રસંગે થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તીર્થના મહંત ઘનશ્યામ પુરીજી મહારાજ,



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

પાલીકા પ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા, ડૉ.હેમ રાજભાઈ પટેલ, યશપાલસિંહ ટી વાઘેલા, અચરતલાલ ઠક્કર, પાલીકા પૂર્વ પ્રમુખ વિનોદજી ઠાકોર, ઈશ્વરભાઈ ઠક્કર, હર્ષદ ભાઈ શાહ, સુરેશભાઈ શાહ લાટી ઉત્સાહી પ્રમુખ ધીરજભાઈ શાહ તથા ટ્રસ્ટી મંડળ ઉપસ્થિતિ રહી પ્રથમ દીવસના કાર્યક્ર્મને ભવ્ય બનાવેલ રાત્રે ૮:૦૦ વાગે રાજભા ગઢવી તથા ટીમનો લોક ડાયરો મોજ કરાવી. આજે બીજા દિવસે તારીખ ૨૦/ ૩ /૨૦૨૪ બુધવાર ના રોજ સવારે કુંભ સ્થાપન બાદ જીવ દયા દેવી અને માળી ભદ્ર વીર ની મૂર્તિ સ્થાપના અને પ્રતિષ્ઠા થયા બાદ પાંજરા પોળનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે આ પ્રસંગે વિધાન સભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને તથા ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીના મુખ્ય મહેમાન પદે અને અતિથિ વિશેષપદે શ્રી કલીકુંડ તીર્થના પ્રમુખ કુમારપાળભાઈ વી. શાહ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટી કલ્પેશભાઈ વી શાહ સમસ્ત મહાજનના પ્રમુખ ગીરીશ ભાઈ શાહ ધારાસભ્ય શ્રી અમિત ભાઈ શાહ,કેસાજી ચૌહાણ, પ્રવીણ ભાઈ માળી, અલ્પેશજી ઠાકોર માવજીભાઈ દેસાઈ અમૃતજી ઠાકોર ગેનીબેન ઠાકોર ચંદનજી ઠાકોર તથા પ્રદેશ સયોજક કે.સી. પટેલ રાજ્ય સભાના સભ્ય બાબુભાઈ દેસાઈ જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તીસિંહ વાઘેલા રોહિતજી ઠાકોર (ભામાશા) ગોવાભાઈ દેસાઈ ચેરમેન ડીસા માર્કેટ યાર્ડ હાજર રહેશે.

### ભાજપમાં ભરતી મેળો યથાવત

# કોંગ્રેસના જે.બી.પટેલ, રામ ભરવાડ સહિત આપના નેતાઓએ કેસરીયો કર્યો

### અમદાવાદ ભાજપ કાર્યાલય ખાનપુર ખાતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વિધિવત રીતે ભાજપમાં જોડાયો



। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદનાં ખાનપુરમાં ભાજપ કાર્યાલય ખાતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ભાજપનો કેસરીયો ધારણ કર્યો.

આ પ્રસંગે માંડલ વિધાનસભાનાં પૂર્વ મહામંત્રી તેમજ પ્રદેશ કોંગ્રેસ જયંતીભાઈ બી પટેલ, રામભાઈ ભરવાડ, અમદાવાદ કોંગ્રેસ વિજયભાઈ આચાર્ય, પૂર્વ પ્રમુખ સરખેજ વોર્ડ કોંગ્રેસ રમેશભાઈ ઉર્ફે ગુલાબભાઈ ભરવાડ, આમ આદમી પાર્ટીના નારણપુરા વિધાનસભાના ઉમેદવાર પંકજભાઈ પટેલ, નવા વાડજ વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર અમીબેન શાહ, રાજપૂત સમાજના આગેવાન ડૉ.હરિસિંહ બળદેવસિંહ ચૌહાણ, જમાલપુર-ખાડિયાના લિયાકતભાઈ ઘોરીના પૌત્ર અમીક મહેબૂબ ઘોરી મોટી સંખ્યામાં તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા.

આ પ્રસંગે તે દરેક લોકોએ એક સુરમાં જણાવ્યું કે કલમ ૩૭૦ની નાબુદી અને રામ મંદિરમાં રામલલ્લાની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા તથા સમગ્ર વિશ્વમાં ભારતની છબી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના કાર્યકાળમાં વધી છે અને વિકાસના જે કામો થયા છે તેનાથી પ્રેરાઈને કોઈ પણ આશા- અપેક્ષા વગર ભાજપમાં જોડાવા પ્રેરાયા છીએ. ભાજપ પાર્ટી જે પણ કામગીરી સોંપશે તે નિષ્ઠાપૂર્વક પરિપૂર્ણ કરીશું.

આ પ્રસંગે મહામંત્રી અને ધારાસભ્ય જીતુભાઈ પટેલ, ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ, અમિતભાઈ ઠાકર, મહામંત્રી ભૂષણભાઈ ભટ્ટ, પરેશભાઈ લાખાણી, સામાજિક અગ્રણી કમલેશભાઈ ત્રિપાઠી તેમજ કાર્યકર્તાઓએ તમામ આગેવાનોને ભાજપમાં આવકાર્યા હતા.

## હિંમતનગર માર્કેટયાર્ડમાં ખેડૂતોની લાંબી કતારો જામી

। (એજન્સી) હિંમતનગર, તા.૧૯ ।

સાબરકાંઠા જિલ્લામાં રવિ સિઝનમાં ખેડૂતોને ઉત્પાદન સારું થયુ છે સાથે જ હાલમાં હોળી અગાઉ ભાવ પણ સારા મળી રહ્યા છે. હોળીના તહેવારો પહેલા જ માર્કેટયાર્ડોમાં ખેડૂતો ખેત પેદાશ વેચવા માટે વહેલી સવારથી જ લાંબી કતારો લગાવેલ જોવા મળી રહ્યા છે. હિંમતનગર એપીએમસીમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.હિંમતનગર એપીએમસી આગળ વહેલી સવારથી જ ખેડૂતો લાંબી કતારો જમાવી રહ્યા છે. સપ્તાહની શરુઆતની સવારે જ ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. હિંમતનગ માર્કેટયાર્ડ બહાર પણ મોટી સંખ્યામાં ખેડૂતોના વાહનો ખડકાયેલા નજર આવી રહ્યા હતા.

# પાલનપુર માર્કેટિંગ યાર્ડમાં વરિયાળીના પાકનો ગગનચૂંબી ભાવ બોલાયા

### યાર્ડમાં વરિયાળીના ૫ હજાર રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા

। (એજન્સી) પાલનપુર, તા.૧૯ ।

બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. જિલ્લાના ખેડૂતો અલગ અલગ જણસીની ખેતી કરી સારા ભાવની આશાએ માર્કેટ યાર્ડમાં વેચી સારી આવક મેળવતા હોય છે. ત્યારે આજે ૧૮ માર્ચના રોજ પાલનપુર માર્કેટ યાર્ડમાં ઘઉં, બાજરી, ચણા, એરંડા, રાયડો, વરિયાળી, ઈસબગુલ, મકાઈ, રાજગરો સહિતના પાકની આવક થઈ હતી, જેમાં વરિયાળીના ૫ હજાર રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. આજે પાલનપુર માર્કેટયાર્ડમાં આજે ઘઉંની ૮૯૪ બોરીની આવક નોંધાઈ હતી, જેમાં પ્રતિ ૨૦ કિલોના ૫૭૦ રૂપિયા ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાર્ડમાં બાજરીની ૫૫ બોરીની આવક નોંધાઈ હતી, જેમાં પ્રતિ ૨૦ કિલોના ૪૭૧ રૂપિયા ભાવ બોલાયો હતો. ચણાની ૭૦ બોરીની આવક નોંધાઈ હતી, જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧,૦૭૬ રૂપિયા સુધીનો ભાવ બોલાયો હતો. એરંડાની ૨,૨૧૫ બોરીની આવક નોંધાઈ હતી.

### ફરજીયાત મતદાન કરવા મનસુખ માંડવિયાની અપીલ

# લોકસભાની ચૂંટણીને લઈ પોરબંદર વિધાનસભા ભાજપનું સ્નેહમિલન સુરત ખાતે કરવામાં આવ્યું

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

આવનાર લોકસભા ની ચૂંટણી ને લઈ પોરબંદર વિધાનસભા ભાજપ નું સ્નેહમિલન સુરત માં યોજાયું હતું. આ આવસરે ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા. માંડવીયાએ તમામ મતદાતાઓને ફરજીયાત મતદાન કરવા અપીલ કરી હતી. સુરતમાં પોરબંદર વિધાનસભા ભાજપ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ જેમના માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તેવા પોરબંદર વિધાનસભાના લોકસભાના ભાજપ ના ઉમેદવાર મનસુખ માંડવિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આ ચૂંટણી ઈતિહાસ બદલવા જઈ રહી છે કારણ કે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી બાદ આ પહેલી ચૂંટણી છે જેથી આગામી ૨૫ વર્ષમાં વિકસિત ભારતનું રોડ મેપ તૈયાર થઈ રહ્યો છે અને વડાપ્રધાન નો સંકલ્પ છે તે મુજબ આવનારા પાંચ વર્ષ મહત્વના સાબિત થશે. આ સાથે સાથે વડાપ્રધાને આ ચૂંટણીને લઈને પાંચ પ્રણ લીધા છે જેમાં વિકસિત ભારત સાથે ગુલામીના પ્રતીક નાબૂદ કરવાનો પ્રણ પણ પ્રધાનમંત્રીએ લીધો છે જેથી અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલા ૧૨૦૦ કાનુન બદલી ભારતીય કાનૂન કરવામાં આવ્યા છે સાથે સાથે ૨૦૪૭ માં વિકસિત ભારતનો ગોલ એચિવ કરવાનો છે. મનસુખ માંડવિયાએ વધુમાં ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે નવા ભારતના નિર્માણ માટે આપનો યોગદાન મહત્વનો ફાળો આપવા હાંકલ કરી હતી. ગામમાં પહોંચી તમામે ફરજિયાત મતદાન કરાવવાની અપીલ કરવાની છે. બપોર સુધીમાં ૮૦% મતદાન થાય તેવી તેમણે અપીલ કરી હતી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી રહેલા મનસુખ માંડવિયા મોદી સરકારમાં મહત્વની ભૂમિકા ભજવી ચુક્યા છે. હવે તેમને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ બનાવવાની તૈયારીઓ ચાલી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મનસુખ માંડવિયા અત્યંત સ્વચ્છ નેતાની છબી ધરાવે છે.

# બે આરોપીઓને સાયબર ક્રાઈમ દ્વારા રાજસ્થાનથી ઝડપી લેવાયા

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતના IPS અધિકારીઓ અને રાજનેતાઓના સહિત ૪૭ લોકોના ફેક આઈડી બનાવી પૈસા પડાવનાર આરોપીઓને સાયબર ક્રાઈમે રાજસ્થાન ખાતેથી ઝડપી પાડયા છે. આરોપીઓ સાથે અન્ય કેટલા લોકો સંકળાયેલા છે તે બાબતે તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ફરજ બજાવતા IPS અને અન્ય પોલીસ અધિકારીઓ તથા ધારાસભ્ય અને અન્ય રાજનેતાઓના નામે ફેક આઈડી બનાવી લોકો પાસે પૈસા માંગી છેતરપિંડી કરવાના કિસ્સા સામે આવ્યા હતા જેને લઈને સાયબર ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે સાયબર ક્રાઈમે ટેકનિકલ એનલીસીસના આધારે રાજસ્થાનના કિશનગઢ ખાતેથી સરમીન ઉર્ફે કલ્લુ મેવ નામના આરોપીની ધરપકડ કરી છે.

આરોપી સાથે અન્ય એક આરોપી પણ ઝડપાયો છે જેનો શંકાસ્પદ ભૂમિકા જણાતા પોલીસે અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. પકડાયેલા આરોપી માત્ર ૯ પાસ છે અને તેના પાસેથી મળેલા ફેનમાં પોલીસને IPS સફીન હસન,હરેશ દુધાત, બ્રજેશ કુમાર ઝા, લવિના સિંહા, તરુણ બારોટ તથા અન્ય પીઆઈ અને IPS ના ફેક આઈડી તથા ધારાસભ્ય અમિત શાહ,પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ સહિત કેટલાક રાજનેતા એમ કુલ ૪૭ ફેંક આઈડી મળી આવ્યા હતા.

## મધ્યસ્થ કાર્યાલય બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરાઇ

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં ભાજપ દ્વારા મધ્યસ્થ કાર્યાલય શરુ કર્યા બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મીડિયા સેન્ટરની શરુઆતર કરવામાં આવી છે. આ સમયે ભાજપના પ્રદેશ પ્રમુખ, ભાજપના ધારાસભ્યો, સંગઠનના સભ્યો સહિતના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અમદાવાદમાં ભાજપ દ્વારા મધ્યસ્થ કાર્યાલય શરુ કર્યા બાદ મીડિયા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મીડિયા સેન્ટરની શરુઆતર કરવામાં આવી છે. આ સમયે ભાજપ ના પ્રદેશ પ્રમુખ, ભાજપના ધારાસભ્યો, સંગઠનના સભ્યો સહિતના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.ભારતીય જનતા પાર્ટી દર વખતે ચૂંટણી સમયે મીડિયા સેન્ટર શરુ કરે છે, તે જ પ્રમાણે આ વખતે લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને મીડિયા સેન્ટર શરુ કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે પ્રદેશ કક્ષાના બનાવાયેલા મીડિયા સેન્ટર બહાર છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર દ્વારા જે કામગીરી કરવામાં આવી છે.

# મહેસાણામાં વધુ એક ટ્રેપમાં જેલ સહાયક ૫૦૦ રૂપિયા લાંચ લેતા ઝડપાયો

### જેલમાં કેદીઓની મુલાકાત લાંચ લઈને કરાવવામાં આવતી હોવાને લઈ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવી હતી

। (એજન્સી) મહેસાણા, તા.૧૯ ।

મહેસાણા જિલ્લામા એસીબીએ સપાટો બોલાવ્યો છે. પહેલા વિસનગર શહેર પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલ વાનનો સ્ટાફ ૨૦૦ રુપિયાની લાંચ લેતા ઝડપાયો હતો. હવે જેલ સહાયકને આણંદ એસીબીએ મહેસાણામાં ડિકોય ટ્રેપ ગોઠવીને ઝડપી લીધો છે. જેલમાં કેદીઓની મુલાકાત લાંચ લઈને કરાવવામાં આવતી હોવાને લઈ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવી હતી.એસીબીએ મહેસાણા જિલ્લામાં સપાટો બોલાવી દીધો છે. પહેલા વિસનગર પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલ વાનના સ્ટાફને ૨૦૦ રુપિયાની લાંચની ડિકોય ટ્રેપમાં ઝડપી લીધો છે. હવે મહેસાણા જિલ્લા જેલમાં એસીબીએ ડિકોય ટ્રેપ ગોઠવતા જેલ સહાયક ઝડપાયો છે. આણંદ એસીબીની ટીમ દ્વારા ડિકોય ટ્રેપનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને જેમાં લાંચ લેતા જેલ સહાયક ઝડપાયો હતો. મહેસાણા જિલ્લામાં લાંચ લઈને કેદીઓ સાથે તેમના મુલાકાતીઓની મુલાકાત ગોઠવી આપવામાં આવતી હોવાની ફરિયાદને પગલે એસીબીએ ડિકોય ટ્રેપ ગોઠવી હતી. જેને લઈ એસીબીએ છટકુ ગોઠવવાનું આયોજન કર્યુ હતુ. જ્યાં જેલ સહાયક ચિંતન પૃથ્વીરાજ ચૌધરી લાંચ લેતા ઝડપાઈ આવ્યો હતો. એસીબીને માહિતી મળી હતી કે, મહેસાણા જિલ્લા જેલમાં કેદીઓની મુલાકાત તેમના મુલાકાતીઓને લાંચની રકમ લઈને કરાવવામાં આવે છે. કેદીઓના પરિવારજનો, મિત્રો કે સગા-સંબંધીઓ અને અન્ય મુલાકાતીઓને જેલ કર્મચારીઓ દ્વારા પૈસા લઈને મુલાકાત ગોઠવી આપતા હોવાની વિગતોની ફરિયાદ ઉઠી હતી. મુલાકાત કરાવવા માટે ૫૦૦ રુપિયાથી લઈને ૨૦૦૦ રુપિયા સુધીની રકમ લાંચ સ્વરુપે લેવામાં આવતી હોવાની એસીબીના અધિકારીઓને બાતમી મળી હતી. જેને લઈ એક ડિકોયર તૈયાર કરીને આ માટેની ટ્રેપ આણંદ એસીબીની ટીમ દ્વારા ગોઠવવામાં આવી હતી. એસીબીએ ડિકોયર મહિલાના પતિના મિત્ર મહેસાણા જિલ્લા જેલમાં બંધ હોવાને લઈ તેમની મુલાકાત કરવા માટેની ટ્રેપ ગોઠવી હતી.

# કોઈપણ આચાર સંહિતાનું પાલન ન કરે તો તેની સામે ચૂંટણી પંચ દ્વારા કાર્યવાહી કરાય છે

## આચારસંહિતાથી ચૂંટણી સંપૂર્ણપણે નિષ્પક્ષ અને મુક્ત રીતે થઈ શકે છે, આદર્શ આચારસંહિતા એટલે કે ચૂંટણી પંચની સૂચનાઓ જેનું દરેક પક્ષે ચૂંટણીના અંત સુધી પાલન કરવાનું રહે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખો જાહેર થઇ ચૂકી છે. ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ ચૂંટણીની આચારસંહિતા પણ લાગુ થઈ જાય છે. કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકારો, તમામ ચૂંટણીઓ આચારસંહિતાના દાયરામાં આવે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત પછી, આદર્શ આચાર સંહિતા અમલમાં આવી છે, એટલે કે ચૂંટણી પંચની સૂચનાઓ જેનું દરેક પક્ષે ચૂંટણીના અંત સુધી પાલન કરવાનું રહેશે. એક અંદાજ મુજબ આ વખતે લોકસભાની ચૂંટણી સાતથી આઠ તબક્કામાં યોજાઈ શકે છે. આ ઉપરાંત લોકસભાની સાથે ઓડિશા, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ અને આંધ્ર પ્રદેશની વિધાનસભા માટે પણ ચૂંટણી યોજાશે, તેમજ આ ચૂંટણીઓની તારીખો પણ જાહેર કરવામાં આવશે. જ્યારે પણ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે, ત્યારે એક આચાર સંહિતા લાગુ કરવામાં આવે છે, જેની મદદથી ચૂંટણી સંપૂર્ણપણે નિષ્પક્ષ અને મુક્ત રીતે થઈ શકે છે. આદર્શ આચારસંહિતા એટલે કે ચૂંટણી પંચની સૂચનાઓ જેનું દરેક પક્ષે ચૂંટણીના અંત સુધી પાલન કરવાનું રહેશે. આ અંતર્ગત કેટલાક નિયમો નક્કી કરવામાં આવે છે, જેનું સંબંધિત રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પાલન કરવાનું હોય છે. ચૂંટણીની તારીખની જાહેરાત સાથે ચૂંટણી આચારસંહિતા અમલમાં આવે છે અને ચૂંટણીના સમાપન સુધી ચાલુ રહે છે. જો કોઈપણ રાજકીય પક્ષ અથવા રાજકીય પક્ષના કોઈપણ ઉમેદવાર આચાર સંહિતાનું પાલન ન કરે તો તેની સામે ચૂંટણી પંચ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. જે મુજબ ઉમેદવારને




ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરી શકાય છે. જો જરૂરી હોય તો ફોજદારી કેસ પણ નોંધી શકાય છે, જ્યારે કોઈપણ આચાર. નિયમોનું ઉલ્લંઘન કરવા પર જેલ પણ થઈ શકે છે.

રાજકીય બેઠકો સંબંધિત નિયમો, પોલીસ અધિકારીઓને મીટિંગના સ્થળ અને સમય વિશે અગાઉથી માહિતી આપવાની રહેશે. સભા સ્થળે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી મેળવવાની રહેશે. પક્ષો અથવા ઉમેદવારોએ અગાઉથી ખાતરી કરવાની રહેશે કે તેઓએ પસંદ કરેલ સ્થાન પર પ્રતિબંધ છે કે નહી. સભા આયોજકોએ વિક્ષેપ પાડનારાઓ વિરોધની કાર્યવાહી દરમિયાન પોલીસને મદદ કરવાની રહેશે.

શાસક પક્ષ માટે નિયમો, મંત્રીઓએ સત્તાવાર પ્રવાસ દરમિયાન ચૂંટણી પ્રચારનું કામ કરવું નહી. કામ માટે સરકારી મશીનરી અને કર્મચારીઓનો ઉપયોગ કરવો નહી. સરકારી વિમાનો અને વાહનોનો ઉપયોગ પક્ષના હિતોને પ્રોત્સાહન આપવા માટે થવો જોઈએ નહી. હેલિપેડ પર ઈજારો ન રાખવો, રેસ્ટ હાઉસ, પોસ્ટ બંગલો કે સરકારી રહેઠાણો પર પણ કોઈ ઈજારો ન રાખવો, તેમજ આ જગ્યાઓનો ઉપયોગ પ્રચાર કાર્યાલય માટે ન કરવો, સરકારી નાણા પર કરેલા કામની સિદ્ધિની જાહેરાત કરવાની નહી, મંત્રીઓ જ્યારે સર્કિટ હાઉસમાં રોકાશે ત્યારે તેમની સત્તાવાર મુલાકાતો પર ગાર્ડ તૈનાત કરવામાં આવશે, કેબિનેટ બેઠક યોજવી નહી. ટ્રાન્સફર અને પોસ્ટિંગના કિસ્સામાં કમિશનની પૂર્વ મંજૂરી જરૂરી છે. અધિકારીઓ માટે નિયમો, સરકારી નોકરો કોઈપણ ઉમેદવારના ચૂંટણી, મતદાર કે કાઉન્ટિંગ એજન્ટ બની શકશે નહીં. પ્રવાસ દરમિયાન મંત્રી ખાનગી નિવાસસ્થાને રોકાશે તો અધિકારીઓ દ્વારા બોલાવવા છતાં પણ તેઓ ત્યાં જશે નહી. અધિકારીઓએ ચૂંટણીના કામ માટે જતા મંત્રીઓની સાથે જવું નહી. જેમની ડ્યુટી હશે તેમના સિવાય કોઈપણ સભા કે અન્ય રાજકીય કાર્યક્રમમાં ભાગ લઈ શકે નહી. રાજકીય પક્ષોને બેઠકો માટે જગ્યા આપતી વખતે કોઈ ભેદભાવ રાખવો નહી.

**ન્યૂઝ બ્રિફ**

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ થવાની શક્યતા



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૯ ।

પાકિસ્તાની વાયુસેના દ્વારા અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલા બાદ બંને દેશો વચ્ચે પહેલા કરતા તણાવ વધી ગયો છે. પાકિસ્તાની હુમલા બાદ અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર દ્વારા જે પ્રકારની તાખી પ્રતિક્રિયા આપવામાં આવી છે તેનાથી એ આશંકાએ જોર પકડ્યું છે કે ટૂંક સમયમાં બંને દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઈ શકે છે. રક્ષા વિશેષજ્ઞોએ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધની ભવિષ્યવાણી કરવાની શરૂ કરી દીધી છે. રક્ષા વિશેષજ્ઞોનું કહેવું છે કે પરિસ્થિતિ વધુ ન વણસે તેના માટે બંને દેશોના પ્રતિનિધિઓએ ઝડપથી વાતચીત શરૂ કરીને તેને સંભાળવાની જરૂર છે.પાકિસ્તાને સોમવારે વહેલી સવારે અફઘાનિસ્તાનના પક્તિકા અને ખોસ્ત પ્રાંતોમાં હવાઈ હુમલા કર્યા હતા. પાકિસ્તાને દાવો કર્યો હતો કે હવાઈ હુમલામાં ટીટીપીઆતંકવાદીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. તાલિબાને આ દાવાઓને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે હુમલામાં ૫ મહિલાઓ અને ૩ બાળકો માર્યા ગયા હતા. તાલિબાને પાકિસ્તાનને અમેરિકા અંજામ ભોગવવાની ધમકી આપી દીધી હતી. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીઉલ્લાહે કહ્યું હતું કે અમારી પાસે સુપરપાવર (અમેરિકા) સામે ૨૦ વર્ષ લડવાનો અનુભવ છે. તાલિબાન સરકાર અફઘાનિસ્તાનની ધરતી પર કોઈપણ વિદેશી તાકાતને સહન નહીં કરશે.

### પાકિસ્તાનનો અરશદ નદીમ આઠ વર્ષથી એક જ ભાલાનો ઉપયોગ કરે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતના નીરજ ચોપરા અને પાકિસ્તાનના અરશદ નદીમ જેવલીન સુપરસ્ટાર છે. બંને એથ્લેટ આગામી આઉટડોર સીઝન માટે તૈયારી કરી રહ્યા છે. નીરજ ચોપરા હાલમાં તુર્કીમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે, જ્યારે ૨૭ વર્ષીય નદીમ એક મોટા પડકારનો સામનો કરી રહ્યો છે. નદીમે તાજેતરમાં કહ્યું હતુ કે તે ઘણા વર્ષોથી ઈન્ટરનેશનલ લેવલના ભાલા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. તેણે જણાવ્યું કે તે છેલ્લા ૭-૮ વર્ષથી એક જ જેવેલીનનો ઉપયોગ કરી રહ્યો છે. વિશ્વ અને વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરા આ સાંભળીને ખૂબ જ નિરાશ છે. સ્પોર્ટ્‌સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઈ)ના નિવેદન અનુસાર ગયા વર્ષે બુડાપેસ્ટમાં વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં નીરજ ચોપરાએ નદીમ સાથે ભાગ લીધો હતો. જેમાં તે નીરજ ચોપરા બાદ બીજા સ્થાને રહ્યો હતો.



નવી દિલ્હીમાં સશસ્ત્ર દળ તબીબી સેવાઓના મહાનિર્દેશક અને વરિષ્ઠ કર્નલ કમાન્ડ, આર્મી મેડિકલ કોર્પ્સ લેફ્ટનન્ટ જનરલ દલજીત સિંહ વર્ષ ૨૦૨૨ માટે આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (AFMS)ની શ્રેષ્ઠ અને બીજી શ્રેષ્ઠ કમાન્ડ હોસ્પિટલ્સ માટે રક્ષા મંત્રીની ટ્રોફી એનાયત કરવામાં આવી.

**મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ વિવાદ**

### ૧૫ કેસને સાથે જોડીને સુનાવણીનો વિરોધ કરતી અરજી સુપ્રીમે ફગાવી

**સુપ્રીમે આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરતા મસ્જિદ કમિટીને અલ્હાબાદ હાઈકોર્ટમાં જવા કહ્યું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મથુરા શ્રીકૃષ્ણ જન્મભૂમિ વિવાદમાં સુપ્રીમ કોર્ટે આજે મસ્જિદ કમિટીની અરજી ફગાવી દીધી છે. મસ્જિદ કમિટીએ વિવાદ સાથે સબંધિત ૧૫ કેસોને એક સાથે જોડીને સુનાવણી કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયનો વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ વિષય કોર્ટમાં જ રાખો. ઉત્તર પ્રદેશના મથુરામાં બનેલી શાહી ઈદગાહ મસ્જિદ અંગેનો વિવાદ ખૂબ જૂનો છે જેના પર હાઈકોર્ટમાં પણ કેસ ચાલી રહ્યો છે.



જો કે, અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે, તમામ કેસોને મથુરા જિલ્લા કોર્ટમાંથી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા વિરુદ્ધ મસ્જિદ પક્ષની અરજી હજુ પણ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

**પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં કાર્યવાહી**

### આઈએસઆઈના પૂર્વ પ્રમુખના ભાઈની ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરાઇ

**આ ધરપકડને પાકિસ્તાનમાં બનેલી નવી સરકારની બદલો લેવાની કાર્યવાહી તરીકે પણ જોવામાં આવી રહી છે**

। (એજન્સી) લાહોર, તા.૧૯ ।

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા આઈએસઆઈના પૂર્વ પ્રમુખ લેફ્નન્ટ જનરલ ફૈઝ હમિદના ભાઈની ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. જોકે આ ધરપકડને પાકિસ્તાનમાં બનેલી નવી સરકારની બદલો લેવાની કાર્યવાહી તરીકે પણ જોવામાં આવી રહી છે. નવી સરકારે અગાઉ ઈમરાન ખાનના



શાસન દરમિયાન નવાઝ શરીફના પરિવારને ટાર્ગેટ કરનારા અધિકારીઓ સામે મોરચો ખોલ્યો છે. ફૈઝ હમિદ ઈમરાન ખાન સરકારના ફેવરિટ અધિકારીઓ પૈકીના એક હતા.

**ઈઝરાયેલ-હમાસનું વણથંભ્યું યુદ્ધ**

### ઈઝરાયેલે ફરી વખત ગાઝાની શિફા હોસ્પિટલને ટાર્ગેટ બનાવી, બંન્ને પક્ષો વચ્ચે ફાયરિંગ

**ઈઝરાયેલની સેનાએ હમાસના એક ટોચના કમાન્ડરને મારી નાંખવાનો અને બીજા ૮૦ આતંકીઓની ધરપકડ કરી**



। (એજન્સી) ગાઝા, તા.૧૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુધ્ધમાં ઈઝરાયેલે ફરી એક વખત ગાઝાની શિફા હોસ્પિટલને ટાર્ગેટ બનાવી છે. આ વખતે તો હોસ્પિટલ જ હમાસ અને ઈઝરાયેલની સેના વચ્ચે યુધ્ધુ મેદાન બની ગઈ હતી. હોસ્પિટલની અંદર બંને પક્ષો વચ્ચે જોરદાર ફાયરિંગ થયુ હતુ. જેમાં ઈઝરાયેલની સેનાએ હમાસના એક ટોચના કમાન્ડરને મારી નાંખવાનો અને બીજા ૮૦ આતંકીઓની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે. મરનારા કમાન્ડરની ઓળખ ફૈક મબુઓચ તરીકે થઈ છે. જે હમાસની ઈન્ટરનલ સિક્યુરિટીના કોમ્યુનિકેશન સેન્ટરનો પ્રમુખ હતો. મીડિયા રિપોર્ટ પ્રમાણે ઈઝરાયેલની સેનાને ગાઝાની શિફા હોસ્પિટલમાં હમાસના સભ્યો સંતાયા હોવાની બાતમીના આધારે ઈઝરાયેલના સૈનિકોએ હોસ્પિટલ પર એટેક કર્યો હતો. હમાસના સભ્યો અને સૈનિકો વચ્ચે મેડિકલ સેન્ટરની અંદર ફાયરિંગ થયુ હતુ અને તેમાં હમાસના ટોચના કમાન્ડરનુ મોત થયુ હતુ. તેનુ જે રુમમાં મોત થયુ હતુ તેની બાજુના રુમમાંથી હથિયારોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ અથડામણમાં ઈઝરાયેલના ૨૦ વર્ષના સૈનિક સાર્જન્ટ મટન વિનોગ્રાદોવનુ પણ મોત થયુ હતુ. અથડામણમાં માર્યા ગયેલા હમાસના ટોચના અધિકારી ફૈકના ભાઈએ હમાસ માટે દુબઈમાંથી ૨૦૧૦માં હથિયારો ખરીદયા હતા. બાદમાં તેની પણ હત્યા થઈ ગઈ હતી અને તેમાં મોસાદનો હાથ હોવાનુ કહેવાયુ હતુ. ઈઝરાયેલની સેનાએ આ અથડામણ બાદ કહ્યુ હતુ કે, હોસ્પિટલમાં નાગરિકો, દર્દીઓ તેમજ તબીબોને નુકસાન ના પહોંચે તે વાતનુ અમે ધ્યાન રાખ્યુ હતુ.

# સેન્સેક્સમાં ૭૩૬ અને નિફ્ટીમાં ૨૩૮ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો

**છેલ્લા ૧૭ વર્ષમાં પ્રથમ વખત બેક્ર ઓફ જાપાને વ્યાજદરમાં વધારો કર્યો છે, જેના કારણે શેરબજારના સેન્ટિમેન્ટને પણ અસર થઈ**

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

શેરબજાર મંગળવારે નબળાઈ સાથે બંધ થયું. બીએસીસેન્સેક્સ ૭૩૬ પોઈન્ટ ઘટીને ૭૨૦૧૨ પોઈન્ટની સપાટીએ જ્યારે નિફ્ટી ૨૩૮ પોઈન્ટ ઘટીને ૨૧૮૧૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. મંગળવારે દિવસના કારોબાર દરમિયાન, મ્જીઈ સેન્સેક્સ ૮૦૦ થી વધુ પોઈન્ટ્‌સ તૂટ્યો હતો જ્યારે નિફ્ટી ૨૧૮૦૦ ના સ્તરની નજીક પહોંચી ગયો હતો. એશિયન શેરબજારોમાંથી નબળા સંકેતો અને આઈટીશેરોમાં ભારે વેચવાલીથી સેન્સેક્સ અને નિફ્ટીમાં નબળાઈ આવી છે. છેલ્લા ૧૭ વર્ષમાં પ્રથમ વખત બેક્ર ઓફ જાપાને વ્યાજદરમાં વધારો કર્યો છે, જેના કારણે શેરબજારના સેન્ટિમેન્ટને પણ અસર થઈ છે. અમેરિકામાં વધી રહેલા ફુગાવાના દરને કારણે બજારમાં એવો ભય છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દરો પર યથાવત સ્થિતિ જાળવી શકે છે. આવતીકાલે ફેડરલ રિઝર્વની બેઠકના ડેટા આવવાના છે, તે પહેલા આરઆઈએલ, ભારતી, ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને સન ફાર્માના શેરમાં મજબૂતી જોવા મળી રહી છે. મંગળવારે દિવસભર શેરબજારના કામકાજમાં નબળાઈ જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ૧.૨૮ ટકા ઘટ્યો હતો જ્યારે મ્જીઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં એક ટકાથી વધુની નબળાઈ નોંધાઈ હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ લગભગ ત્રણ ટકા ઘટ્યો હતો જ્યારે નિફ્ટી બેક્ર, નિફ્ટી ઓટો અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ડેક્સમાં થોડી નબળાઈ નોંધાઈ હતી. નિફ્ટી ફાર્મા અને નિફ્ટી એફએમસીજી સૂચકાંકો બે ટકાથી વધુ ઘટીને બંધ થયા છે.

શેરબજારની નબળી કામગીરીના સમયગાળામાં મંગળવારે બજાજ ઓટો અને બજાજ ફાઈનાન્સના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો. આઈશર મોટર્સ, કોટક બેક્ર, એચડીએફસીબેક્ર, હિન્દાલ્કો અને આઈસીઆઈસીઆઈબેક્રના શેરમાં પણ મંગળવારના ટ્રેડિંગમાં વધારો નોંધાયો હતો.

# બ્રિટનની વિનંતી બાદ ૨૦૦૦ ડોક્ટર્સ મોકલવા ભારત તૈયાર

। લંડન, તા.૧૯ ।

બ્રિટનની આરોગ્ય સેવા નેશનલ હેલ્થ સર્વિસ તરીકે ઓળખાય છે.એક સમયે સૌથી સારામાં સારી લોકસુવિધા તરીકે જાણીતી નેશનલ હેલ્થ સર્વિસ પર અત્યારે ડોકટરો અને નર્સોની અછતનુ સંકટ તોળાઈ રહ્યુ છે. બ્રિટનમાં નેશનલ હેલ્થ સર્વિસમાં દર્દીઓની સારવાર માટે બેડ પણ ઓછા પડી રહ્યા છે, એમ્બ્યુલન્સો મોડી પહોંચી રહી છે, ઈજા થઈ હોય તો સારવાર માટે બાર-બાર કલાક સુધી રાહ જોવી પડે છે અને હાર્ટ એટેક જેવા ગંભીર મામલામાં પણ દર્દીની સારવાર આઠ કલાક પછી થતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે ત્યારે બ્રિટને ભારત પાસે મદદ માંગી છે. બ્રિટનની વિનંતી બાદ ભારતે પોતાના ૨૦૦૦ ડોકટરોને નેશનલ હેલ્થ સર્વિસ માટે મોકલવા તૈયારી બતાવી છે. આ ડોકટરોની પહેલી બેચને ૬ થી ૧૨ મહિના સુધી બ્રિટનમાં તાલીમ આપ્યા બાદ તેમને હોસ્પિટલોમાં તૈનાત કરવામાં આવશે. તેમને બ્રિટનમાં નોકરી માટે જરુરી પ્રોફેશનલ્સ એન્ડ લિંગ્વિસ્ટિક બોર્ડની પરીક્ષા પણ પાસ નહીં કરવી પડે. બ્રિટિશ સરકાર આ પ્રોજેકટને ફંડ આપી રહી છે. આ ડોકટરોને સ્થાયી નોકરી તો હાલમાં નહીં મળે પણ તેમને વિદેશની હોસ્પિટલોમાં કામ કરવાનો અનુભવ અને ખાસા એવા પૈસા ચોક્કસ મળશે. બીજી તરફ ભારતીય ડોકટરો ભીડભાડમાં અને તણાવમાં કામ કરવા માટે ટેવાયેલા હોય છે. આમ નેશનલ હેલ્થ સર્વિસને તેમની કુશળતાનો લાભ મળશે. ભારતે આપેલી સંમતિ બાદ કેટલાક જાણકારો એવો મત વ્યક્ત કરી રહ્યા છે કે, બ્રિટનમાં જનારા ડોકટરો બાદમાં ત્યાં કાયમ માટે સ્થાયી થઈ જાય તેવી પણ શક્યતા છે. આમ ભારતમાંથી ડોકટરોનુ બ્રેન ડ્રેન થશે. તો બીજી તરફ કેટલાકની દલીલ છે કે, ભારતમાં દર વર્ષે ૧.૧૦ લાખ વિદ્યાર્થીઓ ડોકટર બનતા હોય છે ત્યારે ૨૦૦૦ ડોકટરોની સંખ્યા એટલી બ્રિટન મોટી નથી. બ્રિટનની સરકારે નેશનલ હેલ્થ સર્વિસના ભાગરૂપે તમામ નાગરિકોને સંપૂર્ણપણે મફત સુવિધા આપવાનુ ૧૯૪૮થી શરૂ કરાયુ હતુ. જોકે કોવિડના સમયમાં તેની કમીઓ ઉજાગર થઈ હતી. આ સિસ્ટમ મોટા પાયે ફેલાયેલી મહામારીનો સામનો કરવા માટે તૈયાર નહોતી. ડિસેમ્બર ૨૦૨૨માં એવી સ્થિતિ સર્જાઈ હતી કે, ૫૪૦૦૦ લોકોને હોસ્પિટલમાં દાખલ થવા માટે ૧૨ કલાક રાહ જોવાનો વારો આવ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી નેશનલ હેલ્થ સર્વિસને પુરતી નાણાકીય સહાય મળી નથી અને તે તેની પડતીનુ મુખ્ય કારણ બની રહ્યુ છે. બીજી તરફ બ્રિટનમાં પ્રાઈવેટ હોસ્પિટલો ફૂલી ફાલી રહી છે. દસ વર્ષના સમયગાળામાં તેમનો બિઝનેસ ડબલ થયો છે. પ્રાઈવેટ સેકટરના ડોકટરોએ ૨૦૨૨ના એક વર્ષમાં જ ૮ લાખ લોકોની સારવાર કરી હતી. ઓછા પગારના કારણે બે મહિના પહેલા જ હજારો જુનિયર ડોકટરોએ નેશનલ હેલ્થ સર્વિસની નોકરી છોડી દીધી હતી અને હડતાળ પાડી હતી. તેમણે વધારે પગારની માંગ કરી હતી.

### વેપારી જહાજ એમ વી રુએનને ભારતીય સેનાએ છોડાવ્યું ભારતીય સૈન્યના પરાક્રમની બલ્ગેરિયાના નેતાઓએ પ્રસંશા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ચાલીસ કલાકના ઓપરેશન બાદ સોમાલિયાના ચાંચિયાઓએ હાઈજેક કરેલા વેપારી જહાજ એમ વી રુએનને ભારતીય નૌસેનાએ આઝાદ કરાવ્યુ હતુ અને સાથે સાથે તેના ક્રુ મેમ્બરોને પણ ચાંચિયાઓના પંજામાંથી મુક્ત કરાવ્યા હતા. નૌસેનાની જાંબાઝીની આખી દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. જહાજ પરના ક્રુ મેમ્બરોમાં સાત લોકો યુરોપિયન દેશ બલ્ગેરિયાના નાગરિકો હતા. તેમને નૌસેનાએ છોડાવ્યા બાદ બલ્ગેરિયાના નેતાઓ ભારતનો આભાર માનતા થાકી રહ્યા નથી. બલ્ગેરિયાના રાષ્ટ્રપતિ રુમેન રાદેવે ભારતીય નૌસેનાને હિંમતભર્યા ઓપરેશન બદલ અભિનંદન આપવાની સાથે સાથે પીએમ મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. આ જહાજ પણ બલ્ગેરિયાઈ કંપનીનુ છે અને તેના માલિક નવીબુલગરે પણ કહ્યુ હતુ કે, એમ વી રુએનની મુક્તિ અમારા માટે જ નહીં પણ વૈશ્વિક સમુદાય માટે પણ એક મોટી સફળતા છે. આ પહેલા બલ્ગેરિયાના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર તેમજ વિદેશ મંત્રી મારિયા ગેબ્રિયલે પણ ભારતીય નૌસેનાની પ્રશંસા કરીને ભારતનો આભાર માન્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટના જવાબમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે પણ વળતો જવાબ આપતા કહ્યુ હતુ કે, મિત્રો આ માટે જ તો હોય છે. ઉલ્લેખનીય છે કે, જહાજને મુક્ત કરાવવાના અભિયાનમાં ભારતીય નૌસેનાએ પોતાના પી-૮ જાસૂસી વિમાન, મારકણા યુધ્ધ જહાજો આઈએનએસ કોલકાતા અને આઈએનએસ સુભદ્રા તેમજ ડ્રોન વિમાનોને કામે લગાડ્યા હતા.

## તંત્રી લેખ...

# સાચા અને સ્થાયી સંબંધોમાં મહત્ત્વ સંખ્યાનું નહીં, પરંતુ નિષ્ઠાનું હોય

વ્યાવહારિક જગતનાં કાર્યોના સુચાલનનો આધાર પરસ્પરના સંબંધો છે. સંબંધ જેટલા નિશ્ચલ, ગાઢ અને સુદઢ હશે, સામાજિક દાયિત્વ અને વ્યાવસાયિક ગતિવિધિઓ પણ એ જ અનુપાતમાં બહેતર સંપન્ન થશે. ઔપચારિક, કાર્યસ્થળના કે કારોબારી સંબંધ મોટાભાગે સ્તરીય હોય છે અને જરૂરિયાત અનુસાર ઊભા કરેલા હોય છે. તેમાં પ્રતિબદ્ધતા કે આત્મીયતાનો અભાવ રહે છે. તે સમયાંતરે ક્ષીણ કે નષ્ટ થઈ શકે છે, તેની સાર્થકતા નિર્દિષ્ટ ઉદ્દેશ્ય સધાઈ જવા સુધી માની શકાય છે. માત્ર પરિચય હોવા, મુલાકાત ચાલુ રાખવા કે ઔપચારિકતાઓ નિભાવવાથી સંબંધ નથી ટકતા. ગાઢ અને વિશ્વસ્ત સંબંધ વર્ષો, બલ્કે દાયકાઓ સુધી એકબીજાની મનોવૃત્તિ, દિશા સમજવા અને અનુકૂળ બેસવા પછી બને છે અને અનેક વિવાદો, મતાંતરો બાદ પણ જીવિત રહે છે. તે ઉપરાંત દુષ્કર સમયમાં એકબીજાનો આધાર બને છે. સાચા અને સ્થાયી સંબંધોમાં મહત્ત્વ સંખ્યાનું નહીં, પરંતુ નિષ્ઠાનું હોય છે. તેમાં શંકા કે આડંબરનું સ્થાન નથી રહેતું. સંબંધોમાં મહત્ત્વ તેના ઈમાનદારીથી નિર્વહનનું હોય છે. ગાઢ અને સ્થાયી સંબંધના નિર્માણમાં ભારે કિંમત ચૂકવવી પડે છે. અહીં આશય ધનથી નહીં, અથાગ પ્રેમ અને બીજાની બહેતરીના પ્રબળ ભાવનો છે. તુચ્છ સ્વાર્થો કે બનાવટી આચરણમાં લિપ્ત વ્યક્તિ સારા સંબંધ બનાવવામાં અસમર્થ રહે છે. એવા વ્યક્તિ જીવનની સંધ્યામાં એકાકી અને લાચાર થઈ જાય છે. અનેક અધ્યયનોમાં પુષ્ટિ થઈ છે કે નિશ્ચલ સંબંધોના પાત્ર દીર્ઘજીવી, ખુશનુમા અને સ્વસ્થ રહે છે. સંબંધ નિર્માણની શરૂઆત યુવાવસ્થામાં કરવામાં આવે છે. સદાશયતા અને નિઃસ્વાર્થ ભાવ સાથે જોડાયેલા બે પક્ષોના સંબંધને પરાલૌકિક કહેવા યોગ્ય રહેશે. એવા સંબંધ જીવનને અર્થ આપે છે. ભગવાન સાથે સંબંધ સર્વોચ્ચ કોટિનો હોય છે. આધ્યાત્મિક અને નૈતિક દૃષ્ટિથી ઉચ્ચ વ્યક્તિ જ આ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આધ્યાત્મિકતાની વ્યાખ્યા આપવી એ એક સરળ નથી, કારણ કે વર્ષોથી લોકો અલગ-અલગ દ્રષ્ટિકોણથી તેને સમજે છે. તેથી આધ્યાત્મિકતાનો અર્થ સમય સાથે બદલાયો છે. તેમ છતાં, આધ્યાત્મિકતા એ વિજ્ઞાન છે તેના કારણે તેની વ્યાખ્યા પણ વૈજ્ઞાનિક હોવી જોઈએ.

## સ્ટાર્ટઅપ મહાકુંભના વિશાળ પરિદ્રશ્યની અંદર નવીનતાને સશક્ત બનાવવી, વૃદ્ધિને આગળ વધારવી અને સફળતાનું સર્જન કરવું



સ્ટાર્ટઅપ મહાકુંભ ૨૦૨૪ ૧૮-૨૦ માર્ચ, ૨૦૨૪ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આયોજિત એક છત હેઠળ ભારતની ગતિશીલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને એકત્રિત કરતી અભૂતપૂર્વ ઈવેન્ટની શરૂઆતને ચિહ્નિત કરે છે. 'ભારત ઈનોવેશન્સ'ની થીમ સાથે, નવીનતાને ઉત્તેજન આપવાનો, નેટવર્કિંગને સરળ બનાવવાનો અને વિવિધ ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો, ઈક્યુબેટર્સ, એક્સિલરેટર્સ અને ઉદ્યોગ અગ્રણીઓ માટે વૃદ્ધિની તકોને પ્રોત્સાહન આપવાનો છે.

આ ઈવેન્ટનું મુખ્ય જોડાણ MeitY સ્ટાર્ટઅપ હબ (એમએસએચ) ઈનોવેશન શોકેસ છે, MeitY પેવેલિયન આજે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે, કારણ કે ૪૦થી વધુ અભૂતપૂર્વ સ્ટાર્ટઅપ્સે તેમની અત્યાધુનિક નવીનતાઓ પ્રદર્શિત કરવાની તક ઝડપી લીધી છે અને ઉદ્યોગના નિષ્ણાતો, રોકાણકારો અને સંભવિત ભાગીદારો સાથે જોડાવા માટે સ્ટાર્ટઅપ્સ માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે કામ કર્યું છે. વિકાસ માટે મૂલ્યવાન જોડાણો અને તકોને પ્રોત્સાહન આપવું. ઉપસ્થિતોને આ ઉભરતા સ્ટાર્ટઅપ્સની સર્જનાત્મકતા, ચાતુર્ય અને સંભવિતતાનું પ્રત્યક્ષ અન્વેષણ કરવાની તક મળી હતી, જેણે ઈવેન્ટની સહયોગી ભાવનાને વધુ સમૃદ્ધ બનાવી હતી.

સ્ટાર્ટઅપ સ્પેસમાં નિર્ણાયક પડકારો અને તકોને સંબોધિત કરવી. મીટી સ્ટાર્ટઅપ હબ (એમએસએચ)ના સીઈઓ શ્રી જીજ વિજયે આવી જ એક પેનલ ડિસ્કશનમાં અમૂલ્ય માહિતી આપી હતી, જેમાં તેમણે "ફંડિંગ ડીપટેકઃ વેન્ચર કેપિટલઝ પરસ્પેક્ટિવ ઓન રિસર્ચ-બેક્ડ સ્ટાર્ટઅપ્સ" પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

તેમની કુશળતાએ સાહસ મૂડી ભંડોળની જટિલતાઓને નેવિગેટ કરવા પર ખાસ કરીને ઊંડી તકનીક અને સંશોધન-સંચાલિત નવીનતાઓ પર આધારિત સ્ટાર્ટઅપ્સ માટે પ્રકાશ પાડ્યો હતો.

વધુમાં, સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે, MeitY સ્ટાર્ટઅપ હબે ઈવેન્ટના ભાગરૂપે સ્ટાર્ટઅપ માસ્ટ-રક્લાસનું આયોજન કર્યું હતું. આ માસ્ટરક્લાસ સ્ટાર્ટઅપ્સને અમૂલ્ય આંતરદૃષ્ટિ, વ્યવહારુ જ્ઞાન અને ડાયનેમિક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં વૃદ્ધિ અને સફળતા વધારવાના હેતુથી નેટવર્કિંગની તકો પૂરી પાડવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.


MeitY સ્ટાર્ટઅપ હબ (એમએસએચ)એ એક વિશિષ્ટ ઈક્યુબેટર માસ્ટરક્લાસનું પણ આયોજન કર્યું હતું, જેમાં ઈક્યુબેટર્સ અને સ્ટાર્ટઅપ્સની સફળતા માટે જરૂરી વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. માસ્ટરક્લાસે ભંડોળ ઉભું કરવું અને રોકાણના વલણો, અસરકારક માર્ગદર્શન અને સહાયક વ્યૂહરચનાઓ, મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ્સ નું નિર્માણ અને સ્ટાર્ટઅપ ઈક્યુબેશનમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ધ્યાન આપ્યું હતું.

**Meity સ્ટાર્ટઅપ હબ વિશે (MSH)**

MeitY સ્ટાર્ટઅપ હબ (એમએસએચ) ભારત સરકારનાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ છે, જેનો ઉદ્દેશ ટેકનોલોજી ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. એમએસએચ ડિજિટલ પરિવર્તનને વેગ આપવા અને ઉભરતી ટેકનોલોજીમાં ભારતનાં નેતૃત્વને પ્રોત્સાહન આપવા વિવિધ કાર્યક્રમો અને પહેલો મારફતે સ્ટાર્ટ અપ, ઈક્યુબેટર્સ અને સેન્ટર્સ ઑફ એક્સલન્સ (સીઓઈ)ને ટેકો આપે છે.

**ભારતીય સમાજની સૌથી મોટી બદી કહો, તો તે આજે પણ શિક્ષિત પરિવારો પણ વંશ વધારવા પુત્રને ઈચ્છે છે!**

# શું કારણ હતું નિકિતા ને સ્કૂલમાંથી રસ્ટીગેટ કરવાનું? શું સાચે જ તેને દોષી ઠેરવી શકાય???



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**માત્ર ૧૫ વર્ષની નિકિતાને સ્કૂલમાંથી રસ્ટીગેટ કરવામાં આવી હતી, કારણકે તેણે હોસ્ટેલના નિયમ વિરુદ્ધ અને ગૃહપતિની મંજૂરી વગર હોસ્ટેલમાં એક છોકરાને બોલાવ્યો હતો, અને બંને જણા સિગરેટ પીતા પકડાયા હતાં**

ભારતીય સમાજમાં આમતો ઘણી બધી બદી જોવામાં આવે છે, અને એને શિક્ષણ પણ નાબૂદ કરી શકી નથી. ભારતીય સમાજની સૌથી મોટી બદી કહો, તો તે આજે પણ શિક્ષિત પરિવારો પણ વંશ વધારવા પુત્રને ઈચ્છે છે! અને દીકરાની ઈચ્છા હોવા છતાં જો દીકરીનો જન્મ થાય! તો જાણે અજાણ્યે માતા પિતાથી દીકરા દીકરીનો ભેદ શરૂ થઈ જાય છે. ભારતમાં ગર્ભ પરિક્ષણ એટલે જ ગુન્હો બન્યો, કારણકે સ્ત્રીભ્રૂણ હત્યાનો આંકડો દિવસેને દિવસે વધતો જતો હતો. હજી પણ છાનુ છુપું તો આ બધું થાય જ છે. પણ ઉચ્ચ ખાનદાની સંસ્કાર ધરાવતા કુટુંબમાં હવે પરિસ્થિતિ ઘણી સુધરી છે. પરંતુ એમાં પણ સંતાનના જન્મ સમયે જો માતાનું અવસાન થાય તો, એ સંતાનને અપશુકનિયાળ ગણવાનું હજી પણ ચાલુ જ છે. ખાસ કરીને આજકાલ બાળકો બહુ ધમાલી, અને સ્વછંદી થઈ ગયા છે, એવો આપણે જે ઢોલ વગાડતા ફરીએ છીએ, ત્યારે આવો જ એક કિસ્સો લઈને હું આજે બુધવારની બોધકથામાં આવી છું. માત્ર ૧૫ વર્ષની નિકિતાને સ્કૂલમાંથી રસ્ટીગેટ કરવામાં આવી હતી, કારણકે તેણે હોસ્ટેલના નિયમ વિરુદ્ધ અને ગૃહપતિની મંજૂરી વગર હોસ્ટેલમાં એક છોકરાને બોલાવ્યો હતો, અને બંને જણા સિગરેટ પીતા પકડાયા હતાં. ગૃહપતિનું કહેવું હતું કે નિકિતા હોસ્ટેલની અન્ય છોકરીઓનું જીવન ખરાબ કરશે. શું સાચે નિકિતા એવી હતી? આખરે નિકિતા એ આવું શું કામ કર્યું! શું સાચે જ તે વ્યભિચારી હતી? કે પછી કંઈ બીજું કારણ પણ છે. ચાલો ત્યારે માંડીને નિકિતાનાં ઘર પરિવારની વાત કરું. નીરવ નિશાના લગ્ન થયા અને ત્રણ વર્ષે નિશા મા બનવાની થઈ, બંને ખુબ જ ખુશ હતા કારણ કે, આ ઘડીની કેટલા દિવસથી તે લોકો રાહ જોતા હતા. નીરવ આ મોંઘવારીમાં એક જ બાળક ઈચ્છતો હતો એટલે એનાં મનમાં હતું કે ભગવાન દીકરો આપી દે તો સારું! નિશા એને સમજાવતી કે દીકરો હોય કે દીકરી! એ આપણાં જ પ્રેમની નિશાની છે! અને આમ મિશ્ર ભાવમાં ધીરે-ધીરે સમય આગળ ચાલવા લાગ્યો. નીરવ પોતાની રીતે ખૂબ જ કાળજી રાખતો, અને નિશા પણ ગર્ભમાં બાળકનું પૂરતું પોષણ વગેરે મળી રહે તે માટે સતત જાગૃત હતી. આમ ને આમ એ દિવસ આવી ગયો, નિશાને લઈ અને નિરવ હોસ્પિટલે પહોંચી ગયો. ગમેતે કારણે અત્યાર સુધી નોર્મલ લાગતી પરિસ્થિતિ અચાનક બદલાઈ ગઈ, અને ડોક્ટરે કહ્યું કે માતાનો જીવ બચી શકે તેમ નથી, હજી તો નીરવ કંઈ વિચારે તે પહેલા જ નિશાએ કાયમ માટે આંખો બંધ કરી દીધી. અને નીરવના જીવનમાં નિશા છવાઈ ગઈ, એટલે કે રાત્રિના અંધારા છવાઈ ગયા. એમાં પણ દીકરાની આશામાં પાછી દિકરી જન્મી! એટલે જન્મેલી નાની બાળકીને તે ગામડે દાદા દાદી પાસે મૂકી આવ્યો.નીરવ નિકિતાને નિશાના મોતનું કારણ ઉંડે ઉંડેથી માનતો હતો, અને તે કારણસર તેને સરખો પ્રેમ કરી શકતો ન હતો. આ ભાવના ધીરે-ધીરે ઘેરી બની ગઈ અને ભોળી બાળકીની માસુમ આંખો, અને મન સતત પિતાના પ્રેમ માટે વલખા મારતું હતું. ધીરે-ધીરે નિકિતા દાદા દાદીના ઘરે મોટી થવા લાગી. દાદા તેને ઘણો પ્રેમ કરતા, પણ દાદી પણ થોડે અંશે તેના પપ્પા જેવું જ માનતા હતા. આમને આમ નિકિતા બે વર્ષની થઈ ગઈ, નીરવથી હવે આ એકલતા સહન થતી ન્હોતી, અને ઘરનું કામ પણ પોતાને કરવું અઘરું પડતું હતું. એટલે જ્ઞાતિની જ એક દિશા નામની, ત્યકતા સાથે તેણે લગ્ન કરી લીધા. દિશા સ્વભાવે ખૂબ જ સારી હતી, અને તે નિકિતાને પણ પસંદ કરતી હતી, અને પ્રેમ પણ કરતી હતી. દાદા દાદીની ઉંમર થઈ ગઈ હોવાથી નિકિતાને સાચવવી થોડીક અઘરી પડતી હતી, આથી તે અહીં શહેરમાં જ લઈ આવી. પરંતુ નીરવને હજી નિકિતામાં ખોટ દેખાતી હતી, આમ તે હવે અહીં ઉછેરવા લાગી. થોડા જ સમયમાં દિશાને પણ સારા દિવસ રહ્યા, નીરવના મનમાં ખૂબ જ ડર પેસી ગયો, કે નહીં ને! દિશા પણ નિશાની જેમ જ આ પ્રેગનેન્સીમાં જ ગુજરી જશે!! એટલે તે ખૂબ જ ધ્યાન રાખવા લાગ્યો, અને અંતે એ ઘડી પણ આવી, અને દિશા એ એક સુંદર દીકરાને જન્મ આપ્યો, તેનું નામ નિશાન રાખ્યું. નિકિતા નાનકડા ભાઈને ખૂબ જ લાડ કરતી, અને બંનેનો ઉછેર દિશા પણ સરખી રીતે કરતી. નિકિતા ને હવે બાલ મંદિરમાં દાખલ કરી દીધી હતી.સમય ને સરતા ક્યાં વાર લાગે છે, નિકિતા આમજ ૧૨ વર્ષની થઈ ગઈ.પણ ઘરમાં હજી તેને નિશાન જેટલી છૂટ પપ્પા તરફથી મળતી નહીં.હવે તે મોટી થતાં તેને આ ભેદભાવની,બધી સમજણ આવવા લાગી હતી. તેને નાની વાતમાં મંજૂરી લેવી પડતી હતી, જ્યારે નિશાન ને બધી છૂટ મળતી.તેને નિશાન સામે કોઈ જ વાંધો ન્હોતો.અને આ બધું જ તે ભૂલી પણ જતી, કારણકે દિશા તેને ખૂબ વહાલ કરતી, ને નાનો ભાઈ પણ દીદી કહી આગળ પાછળ ફરતો હતો. નિકિતા દેખાવે પણ ખૂબ સુંદર હતી. હવે તો તે દિશા ને ઘરકામમાં મદદ પણ કરતી હતી. એવામાં દિશા ને ટાઈફોઈડ થયો, એટલે તેના વિધવા મા અહી આવ્યા, અને અને હસતા ખેલતા પરિવારમા દુઃખના વાદળો ઘેરાયા.જયા બેન એટલે કે દિશાનાં મા એ દિકરી જમાઈનાં કાનમાં જેર રેડ્યું, અને થોડા જ સમયમાં નિકિતા ને એક હોસ્ટેલમાં દાખલ કરી દીધી,અને નિકિતા આમ ઘરથી અલગ થઈ.થોડો સમય એટલે બે ત્રણ વર્ષ બધું બરાબર ચાલ્યું, પછી નિકિતા કે જેનું નાજુક મન પ્રેમ ને હુંફ ચાહતું હતું, તે વિકૃત બની ગયું. કારણ હવે એને જુવાનીની ઉંમર દસ્તક દઈ રહી હતી. આ ઉંમરનો પણ એક અલગ જ નશો હોય છે,જે ન કરવાનું હોય તે ખાસ કરે. નાનપણમાં જે નાની વાતમાં પપ્પાની મંજુરી લેવી પડતી હતી, એટલે જાણે મંજૂરી શબ્દ જ ભૂંસી નાખી, પોતાનું બાળપણ પાછું મેળવવા માંગતી હોય તેમ તે ,હોસ્ટેલમાં જે જે ન કરવાનું હોય તે ખાસ કરતી, અને આ રીતે બળવો કરવા લાગી.ખાસ કરી ને રેક્ટર એટલે કે ગૃહપતિની મંજૂરી લેવી નહીં એવો તેણે પાક્કો નિર્ધાર કર્યો હતો. મંજૂરી એટલે આમ તો અનુશાસન આવે એટલા માટે શરુ કરવામાં આવતી એક પ્રથા! પણ અંતે શું પરિણામ લાવી શકે છે. શિસ્ત એક સારી વાત છે,પણ સ્પ્રીંગ જેટલી દબાવવામાં આવે તેટલી જ ઉછળે છે, એ સત્ય યાદ રાખવું પણ જરૂરી છે.બસ નિકિતા સાથે પણ આ જ થયું પપ્પાનો પ્રેમ ઈચ્છતી હતી, તેની બદલે એક હઠાગ્રહ કહો કે સમાજની રૂઢતાને કારણે આ થયું. જન્મ સમયે શું માનુ મૃત્યુ થાય તો બાળકનો એમાં શું ખરેખર દોષ હોય છે??? મિત્રો નિકિતા જેવી સમાજની કેટલી એ દીકરીઓ તેમજ દીકરાઓ પણ આ રીતે પોતાના અંગત સ્વજનોનો પ્રેમ ઈચ્છતા હોય છે, અને જે ન મળતા તેનું બાળ માણસ વિદ્રોહી બની જાય છે. આ વિદ્રોહ ક્યારે વિકૃતિમાં ફેરવાઈ જાય છે ,એની જાણ નથી ઘરનાને થતી, કે નથી ખુદ બાળકને થતી! નિકિતાએ તો ફક્ત ધૂમ્રપાન કર્યું, શક્ય હતું કે તેના નાનકડા ભાઈ નિશાનને પણ ઈજા પહોંચાડે, કે તેની સાથે બદલો લેવાની કોશિશ કરે. આવી ગંભીર વિકૃતિઓ પણ આવા કોઈ કારણોસર જ શરૂ થતી હોય છે. માત્ર ૨૧મી સદીમાં આવી ગયાનો નારો લગાવવાથી કે ફક્ત આધુનિક પોશાક પહેરી લેવાથી આપણે આધુનિક નહીં થઈ શકીએ. આપણી આવી વિચારધારાઓને પણ બદલવી પડશે, ત્યારે જ સાચું યુગ પરિવર્તન થશે. આજકાલ શિક્ષણ હવે સ્પર્ધા બની ગયું છે, એટલે જોઈએ તેટલી વૈચારિક ક્રાંતિ લાવી શકતું નથી, અને દીકરો જ વંશ વધારી શકે! એવી અંધશ્રદ્ધા પણ આવી બાળ વિકૃતિ વધવાનું કારણ છે. તો આ વિચાર પર સૌ એકસાથે સહમત થઈ અને સમાજની સાચી કાયા પલટ કરી શકાય.

**પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ, આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી**

# કોઇનું દિલ દુભાય તેવું બોલશો નહીં, કેમકે લાકડીનો માર ભૂલાય છે પરંતુ શબ્દનો માર ભૂલાતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાંસળીએ નાદબ્રહ્મની ઉપાસના છે, વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી, શ્રીકૃષ્ણદર્શન માટે વેણુનાદ સંભળાવો જોઇએ**

સંસારએ દાવાઅગ્નિ છે.ચારે બાજુથી તે જીવને બાળે છે. દુઃખનો પાર નથી. દરેકને દુઃખરૂપી અગ્નિ બાળે છે, ત્યારે ગોપબાળકો અને વ્રજવાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામનું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી. ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એણે સંસાર નો દાવાગ્નિ દૂર થાય. પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ. આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી. પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે. એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી. શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા. ગોપીઓ આ વાંસળી સાંભળે છે. વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે. વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણદર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ. વેણુનાદ એટલે નાદબ્રહ્મ.નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે. ગોપીઓને દૂરદર્શન અને દૂરશ્રવણ એ બે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપીઓ ઘરમાં રહી શ્રીકૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રીકૃષ્ણની લીલા પણ જોઈ શકે છે. વેણુના નાદ વિશે ગોપીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે. ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે,હે સખી. આંખોવાળાના જીવનની અને આંખોની સફળતા શું? જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંધર બલરામ ગોપ બાળકોની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે, વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમથી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય, એ નેત્રોની સફળતા છે. બાકી બધું ધૂળ! આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી. એ શ્રીકૃષ્ણની પટરાણી છે. અલી સખી, તને શું કહું? મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે. આ વાંસળી એમની પટરાણી છે. પ્રભુનો અધરઓષ્ઠ એ વાંસળીનો તકિયો છે. હાથ એ ગાદી છે. આંખો તે દાસીઓ છે.પાંપણો તે પાંખો છે. નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્ય સંયોગ પ્રાપ્ત થયો છે. આ વાંસળીએ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરામૃતનું નિત્ય પાન કરે છે. એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી? વાંસળી કહે, મેં 'બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે. હું પેટમાં કંઈ જ રાખતી નથી! વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં. જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે. વાંસળી કહે છે, મારામાં એક-બે નહીં, ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યું છે. મારા ઉપર છ ઋતુ ઓના માર પડયા છે. લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં. વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું. મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે. મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે, નાગ પણ ડોલે છે અને કસ્તૂરી મૃગ પણ ડોલે છે. નાગ દુર્જન, કસ્તૂરીમૃગ સજ્જન, સજ્જન-દુર્જનને બેઉને આનંદ થાય તેવું મધુર હું બોલું છું. વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય, ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં. જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન. એક સખી બોલી અલી સખી, તું જો તો ખરી, આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથ મધની ધારાઓ વહે છે. કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્માની સાથે પરણી છે તેનો એ આનંદ છે!એ આનંદમાં વૃક્ષો અશ્રુ વહાવે છે.યશપાલસિંહ ટી વાઘેલા દરબાર ગઢ થરા આનો બીજો પણ અર્થ કેટલાક સંતો કરે છે. તેઓ કહે છે કે, વૃક્ષો નાં આંસુ એ દુઃખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે, વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે. એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકોનાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણ કે લાલા ની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે.તો વળી બીજા મહાત્મા કહે છેકે,વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે. ત્યારે આ વાંસળી તો બધાને આનંદરસ માં ડૂબાડે છે, તેથી વૃક્ષો દુઃખી થઈને રડે છે. એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દૃષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી. તે ઘરમાંથી જુએ છે. હરિણીઓ એકલી નથી, પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે! હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે. પાસે કોઈ નથી, પણ પોતાની આંખરૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે. પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી. એટલે તે પત્ની સાચી. પતિને પરમાત્માના માર્ગે વાળે, પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે.પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે. એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમને સાથ આપતા નથી. ઊલટું, એમની શ્રીકૃષ્ણ સેવામાં,શ્રીકૃષ્ણ કીર્તનમાં કોઈવાર વિઘ્ન કરે છે. વળી એક ગોપી બોલી, અરે સખી, શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમમયી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદ ભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડે છે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે. અરે, વાછરડાં ધાવવાનું છોડી દે છે. અરે સખી,મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવનમાં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી. મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે. લીલાનિકુંજમાં તેઓ રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ બોલતા ફરે છે. ઘણાં પક્ષીઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધેકૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે.

### ૧૭ વર્ષની ઉંમરે એક્ટિંગની દુનિયામાં પ્રવેશ

# મુનમુન દત્તા એક એપિસોડ માટે ૫૦ થી ૬૫ હજાર ચાર્જ કરે છે



### ઉલ્ટા ચશ્મામાં બબીતાજીનું પાત્ર ભજવનાર મુનમુન દત્તાને ઈન્સ્ટાગ્રામ પર ૮૦ લાખથી વધુ લોકો ફોલો કરે છે

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરિયલમાં બબીતા ?? જીનું પાત્ર ભજવનાર મુનમુન દત્તાને ઈન્સ્ટાગ્રામ પર ૮૦ લાખથી વધુ લોકો ફોલો કરે છે. સૌથી પ્રખ્યાત ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં દર્શાવવામાં આવેલા દરેક પાત્રને લોકો પસંદ કરે છે. આમાંથી એક અભિનેત્રી મુનમુન દત્તા છે, જેને આ શોથી સૌથી વધુ ઓળખ મળી છે. મુનમુન દત્તા ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ એક્ટિવ રહે છે. અભિનેત્રીને ઈન્સ્ટાગ્રામ પર ૮.૧ મિલિયન લોકો ફોલો કરી રહ્યાં છે. મુનમુન દરરોજ ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરીને તેના ચાહકોના દિલની ધડકન વધારે છે. અહેવાલો અનુસાર, મુનમુન દત્તા 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માટે સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રીઓમાંની એક છે. મુનમુને ૧૭ વર્ષની ઉંમરે એક્ટિંગની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. ઘણા અહેવાલોમાં એવું કહેવામાં આવ્યું છે કે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં 'બબીતા ?? જી'નું પાત્ર ભજવનાર મુનમુન દત્તા એક એપિસોડ માટે ૫૦ થી ૬૫ હજાર રૂપિયા ચાર્જ કરે છે. આ શોમાં અભિનેત્રી 'બબીતા?? અય્યર'નું પાત્ર ભજવી રહી છે, જે 'કૃષ્ણન સુબ્રમણ્યમ અય્યર'ની ઓનસ્ક્રીન પત્ની છે. તમને જણાવી દઈએ કે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી કમાણી સિવાય અભિનેત્રી પાસે આવકના ઘણા સ્રોત પણ છે. ટીવી શોમાં કામ કરવા સિવાય મુનમુન દત્તા ઘણી બ્રાન્ડ માટે કામ કરે છે. આ સિવાય તે ઘણી બધી જાહેરાતોમાં પણ જોવા મળે છે, જે ખૂબ જ વધારે પગારવાળી હોય છે.



### નવી હેર સ્ટાઇલ જોઇને ફેન્સ થયા ફિદા

# મુંબઈ એરપોર્ટ પર મારી ઘાંસૂ એન્ટ્રી

### શાહરુખ ખાનની આ તસવીરો જોઇને તમે પણ ખુશ થઇ જશો



બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાન આ સમયે કરિયરના બેસ્ટ ફેઝમાં છે. સુપરસ્ટાર શાહરુખ ખાનની પઠાન, જવાન અને ડંકી મુવીએ બોક્સ ઓફિસ પર છપ્પરફાડ કમાણી કરી છે. ત્યારબાદ સુપરસ્ટાર શાહરુખ ખાન એની અપકમિંગ ફિલ્મને લઈને કોઈ જાહેરાત કરી નથી. જો કે આ વચ્ચે સુપરસ્ટાર શાહરુખ ખાન મુંબઇ એરપોર્ટ પર જોવા મળ્યો. જ્યાંની તસવીરોએ ફેન્સનું દિલ જીતી લીધુ છે. બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાન મુંબઇ એરપોર્ટ પર સ્પોટ થયો હતો. એરપોર્ટ પર કિંગ ખાનનો સ્ટાઈલિશ લુક જોવા મળ્યો હતો. શાહરુખની આ તસવીરો સોશિયલ મિડીયામાં છવાઈ ગઈ છે. આ તસવીરોએ ફેન્સનું દિલ જીતી લીધુ છે. ફિલ્મ સ્ટાર આ દરમિયાન સુપરકૂલ અંદાજમાં જોવા મળ્યો આ તસવીરો જોઈને તમે પણ અંદાજો લગાવી શકો છો. બોલિવૂડ સ્ટાર શાહરુખ ખાનની હેર સ્ટાઈલ આ દરમિયાન લોકોને ખૂબ પસંદ પડી છે. શાહરુખ ખાનની આ તસવીરો જોઈને તમે પણ ખુશ થઈ જશો. આ હેર સ્ટાઈલની ચારે બાજુ ચર્ચાઓ ચાલી રહી છે. જો કે આ મામલે લોકો નવી ફિલ્મની વાતને લઈને ચર્ચા કરી રહ્યા છે.

# એક્ટ્રસ સોશિયલ મિડીયામાં છવાયેલી

### શમા સિકંદર સામાન્ય રીતે એના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે

એક્ટ્રસ શમા સિકંદરે સોશિયલ મિડીયામાં છવાયેલી રહે છે. એક્ટ્રેસ સામાન્ય રીતે એના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે. અનેક વાર હોટ તસવીરો શેર કરતી હોય છે. જો કે હાલમાં એક્ટ્રેસ ડિપ નેક ડ્રેસમાં સુપર બોલ્ડ અદાઓ બતાવી છે. આ બોલ્ડ અદાઓ જોઈને ફેન્સ ઘાયલ થઈ ગયા છે. આ તસવીરો જોઈને ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. શમા સિકંદરે આ તસવીરમાં ડીપ નેક ડ્રેસ પહેર્યો છે. આ ડિપનેક ડ્રેસ એક્ટ્રેસની હોટનેસમાં વધારો કરે છે. આ તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં



એક્ટ્રેસે પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળને ખુલ્લા રાખ્યા છે. ખુલ્લા વાળમાં એક્ટ્રેસ સ્માર્ટ લાગી રહી છે. જો કે એક્ટ્રેસની આ હેર સ્ટાઈલ લોકોને ખૂબ પસંદ પડી રહી છે. ખુલ્લા વાળની સાથે શમાએ ગળામાં કોઈ એસેસરીઝ પહેરી નથી. આ સાથે કાનમાં લોન્ગ ઈયરરિંગ્સ પહેરી છે. આ લોન્ગ બુટ્ટી એક્ટ્રેસના લુકમાં ચાર ચાંદ લગાવે છે. આ તસવીરોમાં એક્ટ્રેસ કિલર પોઝ આપતી જોવા મળી રહી છે. આ તસવીરો જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. ઘણી તસવીરોમાં એક્ટ્રેસ મસ્ત સ્માઈલ પણ આપી રહી છે. આ સ્માઈલ ફેન્સનું દિલ જીતી લે એવી છે. એક્ટ્રેસની કર્વી ફિગર લોકોને ફિદા કરી દે એવી છે. આ તસવીરો સોશિયલ મિડીયામાં આવતાની સાથે છવાઈ ગઈ છે. શમા સિકંદરનો નવો લુક હાલમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ નવો લુક જોઈને કેટલાક લોકોએ વખાણ કર્યા છે તો ટ્રોલ પણ થઈ છે.

### શાહરુખ ખાન-પ્રીતિ ઝિન્ટાનો એક થ્રોબેક વિડીયો સામે આવ્યો

# વીર ઝારાના હિટ સોન્ગ પર નાચતા જોવા મળ્યા શાહરુખ ખાન અને પ્રીતિ

### શાહરુખ ખાન અને પ્રીતિ ઝિન્ટાની આ ફિલ્મએ બોલિવૂડની રોમેન્ટિક ફિલ્મોના કેનવાસને પૂરી રીતે બદલી નાખ્યો હતો

યશ ચોપરાની 'વીર ઝારા' આજે પણ લોકો માટે સુપર હિટ છે. 'વીર ઝારા' એ સુપરહિટ પ્રેમ કહાનીમાંથી એક છે જેની સ્ટોરી આજે પણ લોકોને ખૂબ ગમે છે. ફિલ્મમાં શાહરુખ ખાને ભારતીય વાયુ સેનાના પાયલોટ વીર પ્રતાપ સિંહ અને પાકિસ્તાની છોકરી હયાત ખાનના રોલમાં પ્રીતિ ઝિન્ટાએ નિભાવ્યો હતો. 'વીર ઝારા' મુવીને લગભગ ૨૦ વર્ષ થશે. આ વચ્ચે સોશિયલ મિડીયામાં શાહરુખ ખાન-પ્રીતિ ઝિન્ટાનો એક થ્રોબેક વિડીયો સામે આવ્યો છે જેમાં બન્ને ડાન્સ રિહર્સલ કરતા જોવા મળી રહ્યા છે. આ વિડીયોમાં બન્ને લુક એકદમ અલગ જોવા મળી રહ્યો છે. સુપર હિટ ફિલ્મ 'વીર ઝારા'ની કહાની ભારત અને પાકિસ્તાનના લવર પર બેસ્ડ



છે. ૨૦૦૪ની આ ફિલ્મમાં માત્ર એક પ્રેમ કહાની નહીં પરંતુ કંઈક ખાસ જોવા પણ મળ્યુ હતુ. શાહરુખ ખાન અને પ્રીતિ ઝિન્ટાની આ ફિલ્મએ બોલિવૂડની રોમેન્ટિક ફિલ્મોના કેનવાસને પૂરી રીતે બદલી નાખ્યો હતો. આ ફિલ્મમાં શાહરુખ ખાન અને પ્રીતિ ઝિન્ટા સિવાય રાની મુખર્જી પણ જોવા મળી હતી. દિવંગત મદન મોહનની ધુને પોતાના સંગીતથી લોકોનું દિલ જીતી લીધુ. સોશિયલ મિડીયામાં આ વિડીયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે જેમાં શાહરુખ ખાન અને પ્રીતિ ઝિન્ટા ડાન્સ રિહર્સલના દિવસનો વિડીયો સામે આવ્યો છે. બન્ને ફિલ્મના હિટ ગીત તેરે લિએ પર નાચતા જોવા મળ્યા. ફિલ્મ 'વીર ઝારા'માં દિવ્યા દત્તા, મનોજ બાજપેયી, અખિલેન્દ્ર મિશ્રા, અનુપમ ખેર, જોહરા સહગલે પણ પોતાની ભૂમિકાથી લોકોનું દિલ જીતી લીધુ છે. અમિતાભ બચ્ચન અને હેમા માલિની આ ફિલ્મમાં સ્પેશિયલ એપિરિયન્સમાં જોવા મળ્યા હતા. વીર ઝારાને આજે પણ રોમેન્ટિક ફિલ્મોના લિસ્ટમાં માનવામાં આવે છે.



# શ્રદ્ધા કપૂરને ભૂખ લાગી એટલે ભીડમાં લોકો પાસે પીઝા માંગ્યા

### શ્રદ્ધા કપૂરે એક ઇવેન્ટમાં હાજરી આપી હતી જ્યાં એને ખૂબ ભૂખ લાગી હતી, બહાર પિઝા મળતા હતા

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ રહે છે. આ કારણે શ્રદ્ધા કપૂર સૌથી પોપ્યુલર ભારતીય ઈન્સ્ટાગ્રામના લિસ્ટમાં શામેલ છે. એક્ટ્રેસ પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે-સાથે પર્સનલ લાઈફને લઈને પણ સતત ચર્ચાઓમાં રહેતી હોય છે. હાલમાં એક્ટ્રેસનો સામે આવેલો વિડીયો લોકોનું ધ્યાન ખેંચે છે. તૂં ઝૂઠી મે મક્કાર એક્ટ્રેસ હાલમાં એક ઈવેન્ટમાં સ્પોટ થઈ હતી, જ્યાં એને ખૂબ ભૂખ લાગી હતી. એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરે એક ઈવેન્ટમાં હાજરી આપી હતી જ્યાં એને ખૂબ ભૂખ લાગી હતી. બહાર પિઝા મળતા હતા. એક્ટ્રેસ ફટાફટ ત્યાં પહોંચી અને કોઈ પણ જાતના સંકોચ કર્યા વગર પૂછ્યુ કે એક એકસ્ટ્રા હોય તો મને આપોને.. એક્ટ્રેસે પૈપરાઝી માટે લાગેલા સ્ટોલ



પર જઈને કહ્યું કે એક એકસ્ટ્રા છે, ભાઈ હું એક લઈ જવું પ્લીઝ, પાક્કુ એક એકસ્ટ્રા છે ને? થેંક્યુ યાર..મે જોયુ કે અહીંયા પાર્ટી ચાલી રહી છેપપિઝા પાર્ટી. ત્યારબાદ એક્ટ્રેસ હાથમાં પિઝા લે છે અને આઉટફિટને સંભળાતી નજરે પડે છે. ત્યારબાદ એક્ટ્રેસનો બીજો એક વિડીયો સામે આવ્યો છે જેમાં એ ઈવેન્ટથી બહાર આવતી જોવા મળે છે. આ દરમિયાન જણાવ્યુ કે આખરે મેં પિઝા કેમ માંગ્યા હતા. એક્ટ્રેસ પૈપરાઝીને કહ્યું કે..થેંક્યુ તમે બધાએ મારી સાથે શેર કર્યું, મને બહુ ભૂખ લાગી હતી. થેંક્યુ મારા તરફથી..એક ટ્રિટ બાકી છે મારા તરફથી. બન્ને વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. એક્ટ્રેસની ક્યૂટનેસ પર લોકો ફિદા ગયા છે અને લોકો કોમેન્ટ્માં વખાણ કરી રહ્યા છે. આમ, તમને જણાવી દઈએ કે શ્રદ્ધા કપૂરે આદિત્ય રોય કપૂરની સાથે આશિકી ૨થી પોતાની કરિયરની શરૂઆત કરી હતી અને આ દરમિયાન બન્ને પ્રેમમાં પડ્યા હતા. લાસ્ટમાં એક્ટ્રેસ ફિલ્મ તૂ ઝૂઠી મેં મક્કારમાં નજરે પડી. આ ફિલ્મમાં એને રણબીર કપૂરની અપોઝિટ કાસ્ટમાં હતી.



### વર્કફ્રન્ટની વાત કરીએ તો શિલ્પા કન્નડ ફિલ્મ કેડી-ધ ડેવિલની તૈયારીઓ કરી રહી છે

# એક પગ પર ઉભા રહીને કસરત કરીને જોરદાર રેમ્પ વોક કર્યું

### શિલ્પા વધુમાં જણાવે છે કે મને આ વિડીયો કમ્પ્લીટ કરવા માટે અનેક પ્રયાસો કરવા પડ્યા છે, આ એક પડકારરૂપ છે



બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી એની અદાઓથી હંમેશા ફેન્સને ઘાયલ કરી દેતી હોય છે. શિલ્પા શેટ્ટી સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ રહે છે. આ સાથે એક્ટ્રેસ લાઈફ સાથે જોડાયેલી અનેક સમસ્યાઓને ફેન્સ સાથે શેર કરતી રહેતી હોય છે. શિલ્પા શેટ્ટી એક્ટિંગ કરિયરની સાથે એની ફિટનેસ જર્ની પર પણ વાત કરતી હોય છે. ફિટનેસ પર શિલ્પા શેટ્ટી પ્રોપર રીતે ધ્યાન આપતી હોય છે. જો કે હાલમાં શિલ્પા શેટ્ટીનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો જોઈને ફેન્સ વખાણ કરવા લાગ્યા છે. ફિલ્મ સુખીમાં નજરે પડેલી બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી કુંદ્રા ફિટનેસ મંત્ર આપી રહી છે. સોમવારના રોજ અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર એક બેન્ચ પર વન-લેગ સ્કવોટ કરતા એક વિડીયો શેર કર્યો છે. વિડીયોમાં શિલ્પા જિમના



કપડામાં જોવા મળી રહી છે.

એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યુ છે કે મને કોઈ પણ રેમ્પ આપો, હું એને કરી લઈશ, દરેક વસ્તુ બેલેન્સનો ખેલ છે. સ્ટાઈલમાં એક સૌથી બેસ્ટ લેગ વર્કઆઉટ. શિલ્પા વધુમાં જણાવે છે કે મને આ વિડીયો કમ્પ્લીટ કરવા માટે અનેક પ્રયાસો કરવા પડ્યા છે, આ એક પડકારરૂપ છે. આ તમે ફોલો કરો અને મને ટેગ કરો. જોઈએ કે આ કેટલા લોકો કમ્પ્લીટ કરી શકે છે. આ પહેલાં એક્ટ્રેસે લેટેસ્ટ આઉટફિટમાં ધૂમ મચાવી હતી. ગ્રીન આઉટફિટ લોકોને ખૂબ પસંદ પડ્યો હતો. સમંથા રૂથ પ્રભુએ આ પોસ્ટ પર કોમેન્ટ પણ કરી છે. શિલ્પા શેટ્ટીના વર્કફ્રન્ટની વાત કરીએ તો શિલ્પા કન્નડ ફિલ્મ કેડી-ધ ડેવિલની તૈયારીઓ કરી રહી છે. આ ફિલ્મમાં સંજય દત્ત અને જિશુ સેનગુપ્તા છે. આ પહેલાં ફિલ્મ સુખીમાં જોવા મળી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ કમાલ કરી શકી નહીં. મળતી માહિતી અનુસાર ફિલ્મ સુપર ફ્લોપ રહી હતી. ઉલ્લેખનીય છે કે શિલ્પા શેટ્ટી અવારનવાર કસરત કરતા વિડીયો શેર કરતી હોય છે. આ વિડીયો વાયુવેગ વાયરલ થતા હોય છે. આ વિડીયોમાં એક્ટ્રેસનો મસ્ત લુક જોવા મળી રહ્યો છે.

### એક નિર્ણયે કેરિયર ડુબાડી, ૧૫ વર્ષથી છે બેરોજગાર

# ઉર્મિલા રંગીલા ગર્લ બનીને છવાઇ ગઇ હતી

### 3 વર્ષની ઉંમરે ૧૯૭૭માં આવેલી ફિલ્મ કર્માથી પોતાની ફિલ્મી સફર શરૂ કરી હતી



બોલિવૂડની સૌથી લોકપ્રિય અને ગ્લેમરસ અભિનેત્રી ગણાતી એક સમયે આ સુંદરીએ માત્ર ૩ વર્ષની ઉંમરે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યુ હતુ. જોકે, તે છેલ્લા કેટલાય સમયથી ગુમનામ જીવન જીવી રહી છે. બી-ટાઉનમાં બહુ ઓછા બાળ કલાકારો છે જેમણે મોટા થયા પછી લીડ તરીકે ઘણી સફળતા મેળવી. ઋષિ કપૂર, નીતુ સિંહ, કમલ હાસન, શ્રીદેવીએ પણ બાળ કલાકારો તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી અને પછી જ્યારે તેઓ મોટા થયા, ત્યારે તેઓએ ફિલ્મોમાં મુખ્ય ભૂમિકાઓ કરી. આ લિસ્ટમાં ૯૦ના દાયકાની એક સુંદરીનો પણ સમાવેશ થાય છે, જેણે બાળપણમાં 'માસૂમ' બનીને લોકોના દિલમાં જગ્યા બનાવી હતી અને પછી બોલિવૂડની ટોચની અભિનેત્રી બની હતી. જો કે, ખોટા નિર્ણયથી આ અભિનેત્રીની કારકિર્દીને નુકસાન થયું. હવે આ સુંદરી પાસે છેલ્લા ૧૫ વર્ષથી કોઈ કામ નથી. આ સુંદરી બીજું કોઈ નહીં પણ ઉર્મિલા માતોંડકર છે જેણે ૩ વર્ષની ઉંમરે ૧૯૭૭માં આવેલી ફિલ્મ 'કર્મા'થી પતાની ફિલ્મી સફર શરૂ કરી હતી. તેણે ૧૯૮૩માં આવેલી હિટ ફિલ્મ 'માસૂમ'માં ત્રણ બાળ કલાકારોમાંથી એકની ભૂમિકા ભજવીને ઓળખ મેળવી હતી. આ ફિલ્મમાં નસીરુદ્દીન શાહ અને શબાના આઝમી મુખ્ય ભૂમિકામાં હતા. ઉર્મિલાએ ૧૯૯૧માં રિલીઝ થયેલી 'નરસિમ્હા'થી લીડ એક્ટ્રેસ તરીકે પોતાની ઈનિંગની શરૂઆત કરી હતી. આ ફિલ્મ હિટ રહી હતી. આ પછી, અભિનેત્રીએ 'ચમતકર' જેવી કેટલીક એવરેજ અને સેમી-હિટ ફિલ્મોમાં કામ કર્યુ અને ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાની ઓળખ બનાવી. ૧૯૯૫માં રિલીઝ થયેલી રામ ગોપાલ વર્માની 'રંગીલા' ઉર્મિલાના કેરિયરમાં માઈલસ્ટોન સાબિત થઈ હતી. આ ફિલ્મ તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ફિલ્મોમાંની એક હતી. ઉર્મિલા 'રંગીલા ગર્લ'ના નામથી ફેમસ થઈ હતી. 'રંગીલા'માં તેના અભિનય, સ્ક્રીનની પ્રેઝન્ટ અને કામુક ડાન્સે તેને રાતોરાત સેક્સ સિમ્બોલ બનાવી દીધી અને તે ઈન્ડસ્ટ્રીના ટોપ સ્ટાર્સમાંની એક બની ગઈ. આ પછી ઉર્મિલાએ ઘણી શાનદાર ફિલ્મો કરી જેમાં 'જુદાઈ', 'સત્યા' અને 'ખૂબસુરત' જેવી હિટ ફિલ્મો સામેલ છે. ૨૦૦૩માં રીલિઝ થયેલી હોરર થ્રિલર 'ભૂત'માં ઉર્મિલાની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. ૨૦૦૦ના દાયકામાં ઉર્મિલાની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ થવા લાગી. અને આ સાથે તેની કારકિર્દીનો ગ્રાફ પણ નીચે આવવા લાગ્યો.



# સિદ્ધાર્થની યોદ્ધાએ વીકેન્ડમાં છપ્પરફાડ કરી કમાણી

### ફિલ્મએ વીકેન્ડમાં એટલે કે ત્રણ દિવસોમાં યોદ્ધા મુવીએ ૧૬.૫ કરતા પણ વધારે કમાણી કરી છે

ફિલ્મ યોદ્ધાને દર્શકોને ખૂબ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ કહાની અને સ્ટાર કાસ્ટની હાલમાં ચારે બાજુ ચર્ચાઓ થઈ રહી છે. યોદ્ધા મુવીમાં સિદ્ધાર્થ મલ્હોત્રાનો જબરજસ્ત એક્શન અવતાર જોવા મળી રહ્યો છે. યોદ્ધામાં દિશા પટણી અને રાશિ ખન્ના લીડ રોલમાં છે. ફિલ્મએ ઓપનિંગ ડે પર કંઈ ખાસ કલેક્શન કર્યુ ન હતુ. જો કે વીકેન્ડમાં સારી કમાણી કરી છે. ફિલ્મ યોદ્ધામાં સ્ટાર કાસ્ટની એક્ટિંગ જોઈને ફેન્સ ખુશ થઈ ગયા છે. પહેલાં દિવસ કરતા ફિલ્મએ વીકેન્ડમાં સારી કમાણી કરી છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની આ ફિલ્મએ ભારતમાં બોક્સ ઓફિસ પર ધીમી શરૂઆત કરી હતી. જ્યારે વીકેન્ડમાં ફિલ્મને જબરજસ્ત ફાયદો મળ્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રા સ્ટારર ફિલ્મમાં ત્રીજા દિવસે જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. એક્શથી ભરપૂર આ ફિલ્મએ પહેલાં દિવસે ભારતમાં ૪.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. એવામાં આ ફિલ્મએ વીકેન્ડમાં એટલે કે ત્રીજા દિવસે ૭ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ત્રણ દિવસોમાં યોદ્ધા મુવીએ ૧૬.૫ કરતા પણ વધારે કમાણી કરી છે. ફિલ્મના સ્ટાર કાસ્ટની ફીની વાત કરીએ તો યોદ્ધા માટે સિદ્ધાર્થ મલ્હોત્રાએ ૭ કરોડ રૂપિયા અને દિશા પટનીએ ૨ કરોડ રૂપિયા વસુલ્યા છે. આમ, એક્ટ્રેસ રાશિ ખન્નાની વાત કરીએ તો એને ફિલ્મ માટે ૧.૫ કરોડ રૂપિયા લીધા છે. આ ફિગર્સ પર મેકર્સ તરફથી કોઈ ઓફિશિયલ જાણકારી મળી નથી, પરંતુ એમાઉન્ટ માર્કેટમાં ફેલાઈ છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ યોદ્ધાનું ટીઝર જોયા પછી ફેન્સ ફિલ્મના રિલીઝની રાહ જોઈ રહ્યા હતા. આમ, તમને જણાવી દઈએ કે ફિલ્મ યોદ્ધા આજ રોજ એટલે કે ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા સિવાય દિશા પટણી અને રાશિ ખન્ના પણ છે. ધર્મા પ્રોડક્શન ફિલ્મ યોદ્ધા હીરુ યશ જોહર, કરણ જોહર, અપૂર્વ મહેતા અને શશાંક ખેતાન દ્વારા નિર્મિત છે.



### યોદ્ધા મુવીના કલેક્શનએ ધૂમ મચાવી

યોદ્ધાએ હિન્દી ભાષાની એક્શન થ્રિલર ફિલ્મ છે જે સાગર અંબ્રે અને પુષ્કર ઓઝા દ્વારા લખવામાં અને નિર્દેશિત કરવામાં આવી છે. એમેઝોન એમજીએમ સ્ટુડિયો, ધર્મા પ્રોડક્શન્સ અને મેન્ટર ડિસિપલ એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ હિરૂ યશ જોહર, અપૂર્વ મહેતા અને કરણ જોહર દ્વારા આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. યોદ્ધાને ૫૫ કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી હતી અને તેનો રનિંગ ટાઈમ ૧૩૦ મિનિટનો છે. તે ૧૫ માર્ચ, ૨૦૨૪ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રજૂ કરવામાં આવી હતી.

સોમવારે યોદ્ધામાં ૫૫% ઘટાડો થયો હતો જે સપ્તાહાંતના માર્ગને કારણે સંભવ હતો. ફિલ્મે ચાર દિવસમાં કુલ ૧.૭૫ કરોડ રૂપિયા અંદાજે ૧૮ કરોડ રૂપિયા એકત્રિત કર્યું જે પ્રથમ સપ્તાહમાં ૨૨-૨૩ કરોડ રૂપિયા તરફ દોરી જશે. સોમવાર તેના ભાગ્યને નિશ્ચિત કરે છે પરંતુ મુદ્દો ખરેખર સોમવારનો નથી પણ શુક્રવારનો છે જેણે ખરેખર તેને વધુ તક આપી ન હતી. શૈલી શુક્રવારનો છે અને સોમવારનો નથી.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર નીંદ કા ઉત્તર પ્રાથમિક શાળા માં યોજવામાં આવી પી એલ વી શ્રી એચ એ જોષી એ બાળકોને બાળ કાયદા મહિલા સશક્તિકરણ વાલી દિકરી યોજના વિધવા સહાય વગેરે વિષય ઉપર વિગતવાર ચર્ચા કરી શાળાના આચાર્યશ્રી રમેશભાઈ પટેલ તથા સ્ટાફ પરિવાર હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી બાળકોને શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને શાળાનું નામ રોશન કરવા પ્રેરિત કર્યા હતા.

# ૨૦ અને ૨૧ માર્ચના રોજ ખોડિયાર-ગાંધીનગર વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૧૬ બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર સેક્શન વચ્ચે આવેલ રેલ્વે ક્રોસિંગ નંબર ૧૬ કિમી (૫૨૪/૪-૫) બીસીએમ મશીન દ્વારા ડીપ સ્ક્રીનીંગ કાર્ય માટે ૨૦ માર્ચ, ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા થી ૨૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સાંજે ૨૦:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન રેલ્વે ક્રોસિંગ નંબર ૧૩ કિમી (૫૨૨/૬-૭) અને રેલ્વે ક્રોસિંગ નંબર ૧૫ કિમી (૫૨૩/૧૧-૧૨) નો ઉપયોગ કરી શકે છે.

# ઝાલોદ શ્યામ પરિવાર દ્વારા અગ્યારસ નિમિતે ફાગોત્સવ સાથે ભવ્ય દરબાર સજાવવા જોવા મળતો અનેરો થનગનાટ

## ફાગોત્સવની બારસ નિમિતે બાબા શ્યામના મહાપ્રસાદનુ આયોજન કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

તારીખ ૨૦-૦૩-૨૦૨૪ બુધવારના રોજ શ્યામ બાબાના મંદિરે ફાગણ મહિનાની અગ્યારસ નિમિત્તે ફાગ ઉત્સવ ઉજવવામાં આવનાર છે. ફાગણ મહિનામા આવતી અગ્યારસ મોટી ગણવામાં આવે છે. પ્રતિવર્ષ ની જેમ આ વર્ષે પણ વણકતલાઈ હનુમાનજી મંદિરે શ્યામ પરિવાર ઝાલોદ દ્વારા ફાગોત્સવ ઉજવવાનું નક્કી કરેલ છે.



ઝાલોદ નગરમાં બાબા શ્યામના મંદિરે અગ્યારસ નિમિતે રાજસ્થાન, ગુજરાત તેમજ મધ્યપ્રદેશ થી ભક્તો દર્શનાર્થે મોટા પ્રમાણમાં અવિરત પણે આવતા રહે છે. શ્યામ પરિવાર ઝાલોદ દ્વારા ફાગ ઉત્સવ નિમિત્તે શ્યામ બાબાના મંદિરે વિશેષ પ્રોગ્રામોનુ આયોજન કરેલ છે. જેમાં બાબા શ્યામનો ભવ્ય દરબાર, અખંડ જ્યોત, છપ્પન ભોગ, ફૂલોની હોળી, ચંગ ધમાલ જેવા વિશેષ પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. સાથે સાથે ચુલકાનાધામ થી આવનાર વિશેષ ભજન પ્રવાહક સાહીલ શર્મા બાબા શ્યામના ભજનોનુ થાળ બાબા શ્યામના ભક્તોને પીરસસે.

ફાગણની બારસ નિમિતે મંદિર કમિટી દ્વારા મહાપ્રસાદનુ આયોજન ૨૧-૦૩-૨૦૨૪ ગુરુવારના રોજ સાંજે ૫ વાગ્યાથી યોજવામાં આવનાર છે. દરેક શ્યામ પ્રેમી બાબા શ્યામ સાથે મિલન કરવા અગ્યારસના ભજન અને બારસના મહાપ્રસાદનો લ્હાવો અચૂક લે.

# ઝાલોદ નગરના સિંધી સમાજના યુવક દ્વારા રક્તદાન કર્યું તેમજ મૃત્યુ બાદ શરીરને મેડિકલ ટીમને દાન આપવા સંકલ્પ લીધો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ નગરના સિંધી સમાજના યુવક એવા મહેંદ્રકુમાર ભગવાનદાસ બંબાણી દ્વારા નગરના સામાજિક કાર્યકર્તા મનિષભાઈ પંચાલના કહેવાથી ગરાડુ-૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા સગર્ભા એવા શિલ્પાબેન મુકેશભાઇ મુનીયાને સિકલસેલ પોઝીટીવને ૮% HB હોવાથી તાત્કાલિક છ બ્લડની જરૂરિયાત સર્જાઈ હોવાથી રક્તદાન કરવામાં આવ્યું હતું. મહેંદ્ર બંબાણી દ્વારા અગાઉ પણ કેટલીય વાર રક્તદાન કરી રક્તદાન મહાદાનનુ સૂત્ર સાર્થક કરેલ છે.

મહેંદ્ર બંબાણી શરીરે વિકલાંગ હોવા છતાં તેઓ સદા મક્કમતા તેમજ નીડરતા પૂર્વક રક્તદાન કરતા તેમજ અન્યોને રક્તદાન કરવાના ફાયદાથી વાકેફ કરતા હોય છે. મહેંદ્ર બંબાણી દ્વારા આજે એક મૃત્યુ બાદ અંગદાન આપવાનો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સંકલ્પ લીધો હતો. જેથી મૃત્યુ બાદ પણ તેઓના શરીરના અંગો કોઈને કામ લાગે. પોતાના શરીરનુ દાન કરી તેઓએ સમાજ તેમજ નગરમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જેથી તેમને જોઈ નગરના અન્યો લોકો પણ પ્રેરિત થઈ શકે તેવો સુંદર આશય પૂરું પાડ્યું હતું.

# મતદાર જાગૃતિ અંગે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચે થયા MoU





। અમદાવાદ, તા.૧૯ ।

આજનો યુવાન એ આવતીકાલનો જવાબદાર નાગરિક છે. યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા છે. આ MOU અંતર્ગત ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતતા લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાઓને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી-ના વાઈસ ચાન્સેલર સુશ્રી ડો.અમીબહેન ઉપાધ્યાયે લોકશાહીના મહાપર્વના જાગૃત નાગરિક તરીકે સહભાગી થવા માટે વક્તવ્ય આપ્યું હતું. અંતે સૌ યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા.અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત આગામી દિવસોમાં શહેરની વધુમાં વધુ શૈક્ષિણક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં યુવા મતદારોની સક્રિય ભાગીદારી વધે તે સંદર્ભે MOU કરવામાં આવશે.

અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન પર્વમાં સહભાગી થાય તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે. આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાધ્યાપકો તથા સ્વીપ એક્ટિવિટીના નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને દાનાપુર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો

। અમદાવાદ, તા.૧૯ ।

આગામી હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને દાનાપુર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેનની બે ટ્રીપ ખાસ ભાડામાં ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૦૩/૦૯૪૦૪ અમદાવાદ-દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ (બે ટ્રીપ)**

ટ્રેન નંબર ૦૯૪૦૩ અમદાવાદ-દાનાપુર સ્પેશિયલ અમદાવાદથી રવિવાર, ૨૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ સવારે ૦૭:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૯:૩૦ વાગ્યે દાનાપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૪ દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન સોમવારે, ૨૫ માર્ચ, ૨૦૨૪ ના રોજ દાનાપુરથી ૨૨:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૧૦:૧૫ કલાકે અમદાવાદ પહોંચશે.

બંને દિશામાં આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ઉધના, ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૦૩નું બુકિંગ તમામ પેસેન્જર આરક્ષણ કેન્દ્રો અને આઈ આર સી ટી સી વેબસાઈટ પર ખુલ્લું છે.ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# લીમડી પોલીસે ચોરીના ગુનામાં ચોરાયેલ બોલરો સાથે આરોપીને ઝડપી પાડયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ તાલુકાની લીમડી પોલીસ સતત પેટ્રોલીંગ કરી અસામાજિક તત્ત્વો તેમજ બુટલેગરો પર સતત વૉચ રાખી રહેલ છે. જે અન્વયે લીમડી પોલીસ પેટ્રોલીંગમા હતી ત્યારે સી.પો.સ.ઈ વી.જે.ગોહેલને બાતમી મળેલ હતી કે પંચમહાલ જિલ્લાના મોરવા (હ) પોલીસ સ્ટેશનમા ઈ.પી.કો કલમ ૩૭૯ ચોરીના ગુન્હામા ચોરાયેલ મહિન્દ્રા બોલેરો ગાડી નં **GJ-09-BA-6542** ની સાથે આરોપી પંકજ વજસીંગ ડામોર (કાકણવાડી,પાંચ ખેરીયા રોડ, થાંદલા, મધ્યપ્રદેશ) ને લીમડી તરફ આવી રહેલ છે. જેથી લીમડી પોલીસ દ્વારા સ્ટાફ સાથે રાખી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આરોપીને પકડી પાડવા વ્યૂહાત્મક આયોજન કરી પકડી પાડવા વોચ રાખેલ હતી. તેવામાં માહિતી મુજબનું આવતા લીમડી પોલીસ સ્ટેશનની હદ માથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# 3 દિવસીય વાર્ષિક ઉત્સવ "ત્રિવેણી-૨૦૨૪"નું આયોજન

## L.D. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે કરવામાં આવી રહ્યું છે



। અમદાવાદ, તા.૧૯ ।

એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરિંગ, ત્રિવેણી LDCE સાથે – "એલડી કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના વિદ્યાર્થીઓનું એક જૂથ" – ખુશવી પુરોહિત, સત્યમ સિન્હા અને નાગેશ પરમાર દ્વારા સ્થપયેલ છે, આજે ત્રિવેણી ૨૦૨૪ ના કાર્યક્રમની વિગતો જાહેર કરી, જેનું આયોજન ૩-દિવસીય વાર્ષિક ઉત્સવ છે. ઈવેન્ટ્સની વિવિધતા જેમાં વિવિધ વર્કશોપ, ટેકનિકલ ઈવેન્ટ્સ, નોન-ટેક્નિકલ ઈવેન્ટ્સ, સિમ્પોસિયમ ઈવેન્ટ્સ અને સાંસ્કૃતિક ઈવેન્ટ્સ શામેલ છે. ૨૧મી માર્ચ ૨૦૨૪ના રોજ, ત્રિવેણી LDCE "Embark on the Journey of Innoculture" ની થીમ પર મુખ્ય કાર્યક્રમનું આયોજન કરશે જ્યાં આપણે માનવીઓ વચ્ચેના તાલમેલના વિવિધ્ માનસિકતાના કરારને ઉજાગર કરીને ક્ષિતિજની બહાર કલ્પના કરવાના વિચાર સાથે યુવા વિચાર શરણી અને નવી ઉભરતી તકનીકોના યુગમાં નવીનતાઓ ને પ્રેરિત કરવા માંગીએ છીએ. અમે એવા તબક્કામાં છીએ જ્યાં દરેક કાર્યક્ષેત્રની પ્રશંસા અને સન્માન કરવામાં આવે છે. અમારા ફેસ્ટ દ્વારા અમે વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માંગીએ છીએ. ત્રિવેણી, તમામ કાર્યક્ષેત્ર ટેકનિકલ, નોન-ટેક્નિકલ, વર્કશોપ્સ, સિમ્પોઝિયમ અને સાંસ્કૃતિક એવા દરેક વિભાગ માં વિદ્યાર્થીની કુશળતા અને નવીનતા પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ થીમ દ્વારા, અમે આપણા દેશની સાંસ્કૃતિક વિવિધતા સાથે નવીનતા, વિચારધારા, વિચાર એકીકરણને પ્રકાશિત કરવા માંગીએ છીએ.

# રેખ્તા ફાઉન્ડેશન ગુજરાતી ભાષા-સંસ્કૃતિના સમૃદ્ધ વારસા અને સાહિત્યના જતન-પ્રોત્સાહન માટે રેખ્તા ગુજરાતીના પ્રકલ્પની ગૌરવપૂર્વક જાહેરાત કરે છે

। અમદાવાદ, તા.૧૯ ।

રેખ્તા ફાઉન્ડેશને ઉર્દૂ, હિન્દી અને રાજસ્થાની ભાષાના વ્યાપક સાહિત્યનું જતન માળખાકીય સુવિધા દ્વારા કર્યું છે. આ પ્રતિષ્ઠિત સંસ્થા ગુજરાતી સાહિત્યને આવરી લેવા માટે નવી ક્ષિતિજો વિસ્તારી રહી છે. આ પહેલના ભાગ રૂપે રેખ્તા ગુજરાતીની વેબસાઈટ અને 'કિડ્સ લર્નિંગ ઍપ'નું લૉન્ચિંગ ૨૦મી માર્ચ, બુધવારના રોજ અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હૉલ, લૉ ગાર્ડન ખાતે કરાશે. રેખ્તા ફાઉન્ડેશન '**rekhtagujarati.org**'ની વેબસાઈટ અને 'રેખ્તા કિડ્સ લર્નિંગ ઍપ' દ્વારા ગુજરાતી ભાષા અને સાહિત્યના સંવર્ધન માટેનું પહેલું ડગલું માંડશે. રેખ્તા ગુજરાતીની વેબસાઈટ પર મધ્યયુગથી શરૂ કરીને સાંપ્રત સમયના ૮૦૦થી વધુ કવિઓની ૪૦૦૦થી વધુ કવિતાઓનો વૈવિધ્યસભર સંગ્રહ હોસ્ટ થશે. આમાં ગીતો, ગઝલ, છાંદસ અને અછાંદસ કવિતાઓનો સમાવેશ થાય છે. તેમાં ગુજરાતી સાહિત્યિક પરંપરાની સમૃદ્ધિ અને વિવિધતાને દર્શાવતા સંતસાહિત્ય અને લોકસાહિત્યનો પણ સમાવેશ કરાયો છે. રેખ્તા ગુજરાતીનો હેતુ ગુજરાતી સાહિત્યને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ અને ગુજરાતી સાહિત્ય પ્રેમીઓ સુધી પહોંચાડવાનો છે. રેખ્તા ફાઉન્ડેશન સોશિયલ મીડિયા અને ટેક્નૉલૉજીના માધ્યમથી ગુજરાતી સાહિત્યનો પ્રસાર કરવા માગે છે. આ ઉપરાંત તેઓ ગુજરાતી ભાષાના જતનની હિમાયત પણ કરે છે. રેખ્તા ગુજરાતીની ટીમ ગત દોઢ વર્ષથી આ પ્રૉજેક્ટ પર કામ કરી રહી છે. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો માત્ર લેખિત સ્વરૂપે જ નહીં, પરંતુ તેનાથી આગળ જઈને ડિજિટલ સ્વરૂપે સચવાય તેના માટે સાહિત્યિક કૃતિઓના ડિજિટા ઈઝેશનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં ભો.જે. વિદ્યાભવન, નડિયાદની એ. એસ. ડાહીલક્ષ્મી લાઈબ્રેરી અને ભરૂચની રાયચંદ દીપચંદ લાઈબ્રેરીના પુસ્તકોને ડિજિટાઈસ કરવાનું કામ કર્યું છે. રેખ્તા ગુજરાતીએ આ સંશાધનોને વેબસાઈટ પર અપલોડ કરીને સામાન્ય લોકો માટે ઉપયોગીબનાવવાનું કામ કર્યુંછે.આ કરવા પાછળ રેખ્તાનો ઉદ્દેશ ગુજરાતના સાંસ્કૃતિક ખજાનાની રક્ષા કરવી અને દુનિયાભરના સાહિત્યપ્રેમીઓ સુધી પહોંચાડવાનો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસોમાં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કાર્યક્ષેત્રમાં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દ પૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

ન્યૂઝ બ્રિફ

## ટાટા કંપનીના એક નિર્ણયથી શેર ૨.૭૨ ટકાનો ઘટાડો થયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

રતન ટાટાની સૌથી મોટી કંપનીના શેરબજારમાં મંગળવારે મોટો ઘટાડો નોંધાયો છે. જેના કારણે માત્ર બે મિનિટમાં કંપનીના માર્કેટ કેપમાંથી લગભગ ૪૫ હજાર કરોડ રૂપિયાનો નાશ થયો છે. હકીકતમાં, એક અહેવાલ અનુસાર, ટાટા સન્સે TCSમાં તેની ભાગીદારી ઘટાડવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ આશરે રૂ. ૯૩૦૦ કરોડના શેર વેચવાની યોજના બનાવી છે. ખાસ વાત એ છે કે કંપની આ શેર ૩.૬ ટકાના ડિસ્કાઉન્ટ પર વેચશે. જેની અસર આજે કંપનીના શેરમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે. ચાલો તમને એ પણ જણાવીએ કે વર્તમાન સમયમાં કંપનીના શેરમાં કેટલો ઘટાડો થયો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર TCSના શેરમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. સવારે ૯.૪૫ વાગ્યે કંપનીનો શેર ૨.૭૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૦૩૨.૨૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે કંપનીના શેર ટ્રેડિંગ શરૂ થયાની ૨ મિનિટની અંદર ૪૦૨૧.૨૫ રૂપિયા પર આવી ગયા હતા. જ્યારે એક દિવસ અગાઉ કંપનીના શેર રૂ.૪૧૪૪.૭૫ પર બંધ થયા હતા. મળતી માહિતી મુજબ આજે સવારે કંપનીના શેર ૪૦૫૫.૬૫ રૂપિયા પર ખુલ્યા હતા.

## પાને ૧૭ વર્ષ બાદ ઐતિહાસિક નિર્ણય લીધો, વ્યાજદરમાં વધારો કર્યો

। (એજન્સી) ટોક્યો, તા.૧૯ ।

હવે પાકિસ્તાન પણ ભારતના પગલે ચાલી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ખાસ કરીને સેન્ટ્રલ બેંક ઓફ પાકિસ્તાન. પાકિસ્તાનથી સમાચાર આવી રહ્યા છે કે સતત છઠ્ઠી વખત સેન્ટ્રલ બેંકે તેની પોલિસી બેઠકમાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં પાકિસ્તાનમાં વ્યાજ દર રેકોર્ડ સ્તરે છે. આનો અર્થ એ થયો કે સામાન્ય લોકોને લોન પર વધુ વ્યાજ ચૂકવવું પડશે. બીજી તરફ જાપાને પણ ઐતિહાસિક નિર્ણય લઈને ૧૭ વર્ષ બાદ વ્યાજદરમાં વધારો કર્યો છે. અગાઉ, ભારતીય રિઝર્વ બેંકે પણ ફેબ્રુઆરી મહિનામાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યા વિના સતત છઠ્ઠી વખત પોલિસી રેટ સ્થિર રાખ્યા હતા. ચાલો તમને એ પણ જણાવીએ કે પાકિસ્તાનમાં પોલિસી રેટ કેટલા ટકા છે.

### મુંબઈ ઈન્ડિયન્સનો પેસ બોલર જેસન બેહરેનડોર્ફ ઈજાગ્રસ્ત । ૨૮ વર્ષીય વુડ ૫૦ લાખ રૂપિયાની કિંમતે મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાશે

# મુંબઈ ઈન્ડિયન્સે ઈંગ્લેન્ડના પેસર લ્યુક વૂડને ટીમમાં સામેલ કર્યો





। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે ઓસ્ટ્રેલિયાના ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર જેસન બેહરેનડોર્ફની જગ્યાએ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર લ્યુક વૂડને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના એક નિવેદન અનુસાર, ૨૮ વર્ષીય વુડ ૫૦ લાખ રૂપિયાની કિંમતે મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાશે. નિવેદન અનુસાર, 'મુંબઈ ઈન્ડિયન્સે આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ઈજાગ્રસ્ત જેસન બેહરેનડોર્ફની જગ્યાએ લ્યુક વુડને પોતાની ટીમમાં સામેલ કર્યો છે.' વૂડે ઈંગ્લેન્ડ માટે પાંચ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ અને બે વન-ડે રમી છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના નામે આઠ વિકેટ છે.કુલ મળીને વુડે ૧૪૦ ટી૨૦ મેચમાં ૧૪૭ વિકેટ લીધી છે. મુંબઈ ઈન્ડિયન્સની વાત કરીએ તો, ૫ વખતની ચેમ્પિયન ટીમની પ્રથમ મેચ ૨૪ માર્ચ, રવિવારે ગુજરાત ટાઈટન્સ સામે થશે.

ડાબા હાથના ઝડપી બોલર લ્યુક વૂડે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ ૨૦૨૪)માં તેની ટીમ પેશાવર ઝાલ્મી માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. બેટ્સમેન માટે, બોલને રિવર્સ સ્વિંગ કરવાની તેમની ક્ષમતા શ્રેષ્ઠ બેટ્સમેનોને પણ આશ્ચર્યચકિત કરે છે. વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલન કરવાની અને પીએસએલ જેવી ટૂર્નામેન્ટમાં સતત સારું પ્રદર્શન કરવાની તેની ક્ષમતા તેની પ્રતિભા અને નિશ્ચય દર્શાવે છે. ઈંગ્લેન્ડનો ૨૮ વર્ષનો લ્યુક વુડ પહેલીવાર આઈપીએલમાં રમતા જોવા મળશે. તે સતત ૧૪૦ થી ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરે છે. વુડ રૂ. ૫૦ લાખની બેઝ પ્રાઈઝ પર ટીમ સાથે જોડાશે. પાકિસ્તાનમાં કમાલ કર્યા બાદ હવે લ્યુક વુડ ભારતમાં પણ આ જ કારનામું બતાવવા આવી રહ્યો છે. બે દિવસ પહેલા જ લ્યુક વૂડ પાકિસ્તાન સુપર લીગમાં બાબર આઝમની કપ્તાની પેશાવર ઝાલ્મી ટીમ તરફથી રમી રહ્યો હતો. અહીં તેણે ૧૧ મેચમાં ૧૨ વિકેટ લીધી હતી અને તે પોતાની ટીમનો સૌથી સફળ બોલર હતો. જોકે, તે ટીમને ફાઈનલમાં લઈ જઈ શક્યો ન હતો અને ટીમ એલિમિનેટરમાં હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.

# ઈન્ડિયન પ્રીમિયર લીગની સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હાર્દિક પંડ્યા બોલિંગથી ધમાલ મચાવવા તૈયાર

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।




ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનમાં એક મોટો ફેરફાર જોવા મળશે. આ ફેરફાર મુંબઈ ઈન્ડિયન્સની ટીમે રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપમાં રમવા મેદાનમાં ઉતરશે, છેલ્લી ૨ આઈપીએલ સીઝનમાં ગુજરાત ટાઈટન્સ ટીમની કેપ્ટનશીપ કરનાર હાર્દિક પંડ્યા ફરીથી તેની ફ્રેન્ચાઈઝી માટે રમતો જોવા મળશે. વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ વચ્ચે ઈજાગ્રસ્ત થયા બાદ હાર્દિક ખુબ લાંબા સમય બાદ મેદાન પર પરત ફરવા માટે તૈયાર છે. જેમાં સૌની નજર તેની ફિટનેસ પર રહેશે. જેમાં તેમણે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી આયોજિત થયેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આઈપીએલ ૨૦૨૪ સીઝનમાં બોલિંગ કરતો જોવા મળશે કે નહિ. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી આયોજિત કરવામાં આવેલી પ્રી સીઝન પ્રેસ કોન્ફરન્સમાં હાર્દિક પંડ્યાએ પોતાના ફિટનેસ સાથે જોડાયેલા તમામ સવાલોના પણ જવાબ આપ્યા છે. જેમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, તે આગામી સીઝનમાં બોલિગ કરતો જોવા મળશે. તેમણે કહ્યું કે, આઈપીએલ દરમિયાન તમામ મેચ પણ રમશે, સાથે ટીમને જરુર પડશે તો બોલિંગ પણ કરીશ. હવે હું સંપુર્ણ ફિટ છું અને ફ્રેન્ચાઈઝી માટે રમવા તૈયાર છું. હાર્દિકે કહ્યું કે, વર્લ્ડકપમાં લાગેલી ઈજાસાથે કોઈ અન્ય ઈજાની લેવાદેવા નથી. મારી ફિટનેસ પર કોઈ અસર ન હતી. જ્યારે હું આ ઈજામાંથી સંપુર્ણ સ્વસ્થ થયો તો તે સમયે જાન્યુઆરીમાં અફઘાનિસ્તાન વિરુદ્ધ ટી ૨૦ સીરિઝની શરુઆત થઈ ચુકી હતી. અને ત્યારબાદ એવી કોઈ સીરિઝ પણ ન રમાઈ કે, જેમાં હું રમી શકુ. તમને જણાવી દઈએ કે, મુંબઈ ઈન્ડિયન્સની ટીમ આગામી સીઝનમાં પોતાની પહેલી મેચ ૨૪ માર્ચના રોજ ગુજરાત ટાઈટન્સ ટીમ વિરુદ્ધ રમશે. ત્યારબાદ ૨૭ માર્ચના રોજ મુંબઈ પોતાની બીજી મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે રમશે. જ્યારે તેની છેલ્લી ૨ મેચ પોતાના ઘરે ૧ અને ૭ એપ્રિલના રોજ મેદાનમાં ઉતરશે.

### પૂર્વ ક્રિકેટર-રાજકારણી લોકસભાની ચૂંટણીથી અંતર રાખી શકે છે

# નવજોત સિંહ સિદ્ધુ આઈપીએલમાં કોમેન્ટ્રી કરતો જોવા મળી શકે છે

**નવજોત સિંહ સિદ્ધુએ કેન્સરથી પીડિત પોતાની પત્નીની સારવારને સમય આપવા અને પત્નીના ખરાબ સ્વાસ્થ્યનો હવાલો આપતા લોકસભા ચૂંટણી લડવાથી ઈનકાર કરી દીધો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



કોંગ્રેસ નેતા અને પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધૂ આગામી લોકસભા ચૂંટણીથી અંતર રાખી શકે છે. તેઓ ઈન્ડિયન પ્રીમીયર લીગ (આઈપીએલ) માં કોમેન્ટ્રી કરતા નજર આવશે. નવજોત સિંહ સિદ્ધુએ પત્નીની અસ્વસ્થતાના કારણે લોકસભા ચૂંટણી લડવાથી મનાઈ કરી દીધી હતી. કોંગ્રેસ નવજોત સિંહ સિદ્ધુએ પટિયાલાથી ચૂંટણી મેદાનમાં ઉતારવાની તૈયારીમાં હતી પરંતુ નવજોત સિંહ સિદ્ધુએ કેન્સરથી પીડિત પોતાની પત્નીની સારવારને સમય આપવા અને પત્નીના ખરાબ સ્વાસ્થ્યનો હવાલો આપતા લોકસભા ચૂંટણી લડવાથી ઈનકાર કરી દીધો. આ દરમિયાન એ પણ ખબર આવી હતી સિદ્ધુની પંજાબ કોંગ્રેસના નેતૃત્વથી વિવાદ ચાલી રહ્યો છે. અફવા એ પણ ઉડી હતી કે તેઓ પાછા ભાજપમાં સામેલ થશે. અફવા પર સિદ્ધુની ટીમે કહ્યુ તેઓ કોંગ્રેસ અને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધીની સાથે મજબૂતીથી ઊભા છે. અટકળોની વચ્ચે નવજોત સિંહ સિદ્ધુએ એક્સ પર રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની સાથે પોતાની તસવીર વાળી જૂની રિ પોસ્ટ શેર કરી. આ પોસ્ટ નવજોત સિંહ સિદ્ધુની ૩ એપ્રિલ ૨૦૨૩ ત્યારની હતી જ્યારે તેઓ રોડવેજના મામલે ૧ વર્ષની સજા કાપ્યા બાદ જેલમાંથી બહાર આવ્યા હતા અને રાહુલ અને પ્રિયંકા ગાંધીને મળવા ગયા હતા. આ પોસ્ટમાં તેમણે રાહુલ ગાંધીને પોતાના મેંટોર ગણાવ્યા હતા. પંજાબ કોંગ્રેસ સંગઠન દ્વારા નવજોત સિંહ સિદ્ધુ સામે શિસ્તની કાર્યવાહીની વાત પણ ઉઠી હતી. કોંગ્રેસ હાઈકમાન્ડને પત્ર પણ લખવામાં આવ્યો હતો. તે રિપોર્ટનો જવાબ નવજોત સિંહ સિદ્ધુએ ઠ પર શાયર અંદાજમાં આપ્યો હતો. સિદ્ધુએ પોતાની પોસ્ટમાં લખ્યુ હતુ કે પોતાના વિરુદ્ધની વાતો હું મૌનથી સાંભળુ છુ. જવાબ આપવાનો હક મે સમયને આપ્યો છે.સિદ્ધુએ ૧ ફેબ્રુઆરીએ પંજાબ પ્રદેશ ઈલેક્શન કમિટીના મેમ્બર હોવા છતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્ર યાદવ દ્વારા બોલાવવામાં આવેલી ઈલેક્શન કમિટીની બેઠકમાં ન આવીને તેમના સમાંતર એક અન્ય બેઠક બોલાવી દીધી હતી જેમાં તેમણે પંજાબ કોંગ્રેસના ૩ પૂર્વ અધ્યક્ષોને પણ બોલાવ્યા. નવજોત સિંહ સિદ્ધુની ઈલેક્શન કમિટીની મહત્વપૂર્ણ બેઠકમાં ન જઈને તેમના સમાંતર એક બિન-સત્તાવાર બેઠક બોલાવવાને પંજાબ કોંગ્રેસ સંગઠને ઈન-ડિસીપ્લિન ગણાવી અને નવજોત સિંહ સિદ્ધુ સામે કાર્યવાહીની માંગ કરી.

# એચએએલ વાયુસેનાને પહેલું માર્ક-૧ ફાઈટર જેટ મહિનાના અંત સુધીમાં ડિલિવર કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) આ મહિનાના અંત સુધીમાં ભારતીય વાયુસેનાને પહેલું એલસીએ માર્ક-૧એ ફાઈટર જેટ ડિલિવર કરી શકે છે. એચએએલ એરફોર્સને શક્ય તેટલી વહેલી તકે પ્રથમ ટ્વીન-સીટર ટ્રેનર સંસ્કરણ એરક્રાફ્ટની ડિલિવરી તરફ કામ કરી રહ્યું છે. નોંધનીય છે કે, આ ફાઈટર જેટ મિગનું સ્થાન લેશે અને તેને પાકિસ્તાન બોર્ડર પર તૈનાત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર આત્મનિર્ભર ભારત પર ભાર આપી રહી છે. સંરક્ષણ ઉત્પાદનોના ઉત્પાદનમાં સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું કહેવું છે કે આ પગલું સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ પ્રોજેક્ટ માટે મોટું પ્રોત્સાહન હશે. એરફોર્સને અદ્યતન જેટ આપવામાં આવશે. અમે ૩૧ માર્ચ સુધીમાં પહોંચાડવા માટે અમારા તમામ શક્ય એટલા પ્રયાસો કરી રહ્યા છીએ અને અમે આ દિશામાં ઝડપથી કામ કરી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે એરફોર્સે ૮૩ એલસીએ એરક્રાફ્ટની સપ્લાય માટે એચએએલ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

કોન્ટ્રાક્ટની વેલ્યુ ૪૮ હજાર કરોડ રૂપિયા છે. આ ઉપરાંત ૬૫ હજાર કરોડ રૂપિયાના ૯૭ વધુ એરક્રાફ્ટ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે. એલસીએ માર્ક ૧ એરક્રાફ્ટને ૨૦૧૬માં ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. ભારતીમાં બનેલા લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ એલસીએ માર્ક-૧એને પાકિસ્તાન સરહદ પર તૈનાત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. માર્ક-૧એ હાલના તેજસ એમકે-૧નું આધુનિક સંસ્કરણ છે અને તેને રાજસ્થાનના બિકાનેરમાં નલ એરબેઝ પર તૈનાત કરવામાં આવશે. આ એરક્રાફ્ટ સૌથી અદ્યતન રડાર અને કોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ (એવિઓનિક્સ)થી સજ્જ છે.

### પતંજલિ આયુર્વેદની કથિત ભ્રામક જાહેરાતને લઈને સુપ્રીમની લાલઆંખ

# બાબા રામદેવ-આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર થવા આદેશ આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સુપ્રીમ કોર્ટે યોગગુરૂ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને અવમાનનાની નોટિસ પાઠવી છે અને બે અઠવાડિયા પછી કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આ આદેશ પતંજલિ આયુર્વેદની કથિત ભ્રામક જાહેરાતને લઈને આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ પહેલા બાબા રામદેવને પણ નોટિસ પાઠવી હતી અને તેમને કોર્ટમાં બોલાવ્યા હતા. કોર્ટે પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડિરેક્ટર બાલકૃષ્ણ અને યોગગુરુ રામદેવ પાસેથી ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે સંસ્થાની જાહેરાતો પ્રસિદ્ધ કરવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું હતું કે, 'પતંજલિ આયુર્વેદની જાહેરાતો ખોટા દાવા કરી રહી છે અને ગેરમાર્ગે દોરે છે.'

પતંજલિ આયુર્વેદે સુપ્રીમ કોર્ટમાં બાંયધરી આપી હતી અને તેમ છતાં જાહેરાત છપાઈ હતી. આવી સ્થિતિમાં જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદીન અમાનુલ્લાહની બેંચે નારાજગી વ્યક્ત કરી અને બાબા રામદેવ અને એમડી આચાર્ય બાલકૃષ્ણ પાસેથી જવાબ માંગ્યો. જ્યારે કોઈ જવાબ ન મળ્યો, ત્યારે કોર્ટે તેને હાજર થવાનો આદેશ આપ્યો અને અવમાનનાની નોટિસ પાઠવી હતી. પતંજલિની જાહેરાતોમાં બાબા રામદેવની તસવીર પણ સામેલ હતી. આવી સ્થિતિમાં કોર્ટે તેમને પક્ષકાર બનાવ્યા અને પૂછ્યું કે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શા માટે ન કરવી જોઈએ? સુપ્રીમ કોર્ટે કહ્યું, 'અમે પતંજલિની જાહેરાતો જોઈ છે. કોર્ટમાં આપવામાં આવેલી બાંયધરીને ધ્યાનમાં રાખીને આચાર્ય રામદેવને જણાવવું જોઈએ કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. તેણે ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ એક્ટ ૧૯૫૪નું પણ ઉલ્લંઘન કર્યું છે. આ કાયદાની કલમ ૩ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સંધિવા, અસ્થમા વગેરે જેવા રોગોને નાબૂદ કરવા માટેના પ્રચાર પર પ્રતિબંધ મૂકે છે.' પતંજલિ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે 'બાબા રામદેવને પતંજલિ સાથે કોઈ લેવાદેવા નથી. કોર્ટે તેમની વાત સાંભળવી જોઈએ.' આના પર બેન્ચે કહ્યું કે, 'અમારા આદેશ બાદ પણ બાબા રામદેવે પ્રેસ કોન્ફરન્સ કરી હતી.

# કેનેડાની સિટિઝનશિપ લેવામાં લોકોને રસ ઘટી ગયો

### સ્ટેટિસ્ટિક્સ કેનેડાના રિપોર્ટ મુજબ કેનેડામાં અત્યારે વસતા ઈમિગ્રન્ટ્સમાં કેનેડાના નાગરિકત્વ માટે ક્રેઝ ઓછો થઈ ગયો છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કેનેડા જઈને સેટલ થવા માટે એક સમયે ભારતીયોમાં ભારે ક્રેઝ હતો, પરંતુ હવે કેનેડાના વળતા પાણી હોય તેવું લાગે છે. માત્ર ભારત જ નહીં પરંતુ દરેક જગ્યાએ આવું જોવા મળે છે. તેના કારણે કેનેડાની સિટિઝનશિપ માટે પણ ડિમાન્ડ ઘટી છે. તાજેતરનો એક સરવે બતાવે છે કે ૨૦ વર્ષ અગાઉના કેનેડા અને આજના કેનેડામાં ઘણો ફરક છે. તેથી ઈમિગ્રન્ટ્સ હવે કેનેડાની સિટિઝનશિપ માટે પહેલા જેવી દોટ નથી લગાવતા. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના રિપોર્ટ મુજબ કેનેડામાં અત્યારે વસતા ઈમિગ્રન્ટ્સમાં કેનેડાના નાગરિકત્વ માટે ક્રેઝ ઓછો થઈ ગયો છે. ૧૯૯૬થી ૨૦૨૧ સુધીના ગાળાને આવરી લઈને રિસર્ચ કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળે છે કે ઈમિગ્રન્ટમાં સિટિઝનશિપ રેટ ૩૦ ટકા જેટલો ઘટી ગયો છે. સૌથી મોટો ઘટાડો છેલ્લા એક દાયકામાં આવ્યો છે. જે લોકો કેનેડામાં ૫, ૧૦ કે ૧૫ વર્ષથી રહે છે તેમાંથી કેટલા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે તેનો ડેટા ચકાસવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૬માં ૭૫ ટકાથી વધુ ઈમિગ્રન્ટ્સ કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરતા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧માં આ આંકડો ઘટીને ૪૫.૭ ટકા સુધી આવી ગયો હતો. ૨૦૧૬થી ૨૦૨૧ વચ્ચે તો ઈમિગ્રન્ટ્સમાં એવો મોહભંગ થયો કે તેમણે કેનેડાના નાગરિક બનવા માટે બહુ ઓછી અરજીઓ કરી હતી. અલગ અલગ ઈમિગ્રન્ટમાં કેનેડાની સિટિઝનશિપ માટેનો ક્રેઝ પણ અલગ અલગ હોય છે. ઉદાહરણ તરીકે જેમની વાર્ષિક આવક ૫૦,૦૦૦થી એક લાખ કેનેડિયન ડોલર વચ્ચે છે તેઓ કેનેડાની સિટિઝનશિપ મેળવે તેવી શક્યતા ૧૪ ટકા વધારે રહે છે જ્યારે ૧૦ હજાર ડોલરથી ઓછી આવક ધરાવતા લોકો કેનેડિયન સિટિઝનશિપ માટે અરજી કરવાનું ટાળે છે. આ ઉપરાંત હાઈસ્કૂલ ડિગ્રી ધરાવતા ૩૦.૫ ટકા લોકો કેનેડાની સિટિઝનશિપ માટે અરજી કરે છે જ્યારે યુનિવર્સિટીની ડિગ્રી ધરાવતા લોકોમાં આ અરજીનું પ્રમાણ ૫૧.૮ ટકા છે. ઈમિગ્રન્ટ્સ કયા દેશમાંથી આવ્યા છે તેના આધારે પણ ડેટા અલગ અલગ આવી શકે છે. ઈસ્ટ એશિયાના દેશોના ઈમિગ્રન્ટમાં કેનેડિયન સિટિઝનશિપની ડિમાન્ડ ૫૮ ટકા ઘટી ગઈ છે જ્યારે સાઉથ ઈસ્ટ એશિયાના દેશોમાં ડિમાન્ડમાં ૪૦.૭ ટકા ઘટાડો થયો છે. વેસ્ટ એશિયાના દેશોમાંથી કેનેડિયન સિટિઝનશિપની માંગમાં ૩૦ ટકા ઘટાડો થયો છે. પૂર્વ યુરોપના દેશોમાં ૨૯ ટકા અને સેન્ટ્રલ અમેરિકાના લોકોમાં કેનેડિયન સિટિઝનશિપ માટે માંગમાં ૨૮.૨ ટકા ઘટાડો થયો છે. વર્ષ ૨૦૦૬થી લઈને ૨૦૧૬ દરમિયાન સ્થિતિ બદલાવા લાગી હતી કારણ કે સિટિઝનશિપની ટેસ્ટ અઘરી બની છે, લેંગ્વેજ સ્કિલની ડિમાન્ડમાં વધારો થયો છે. આ ઉપરાંત એપ્લિકેશન ફી પણ વધારે છે. કોવિડે પણ આ ડેટામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કારણ કે કેનેડિયન સિટિઝનશિપની માંગ ઘટવામાં લગભગ ૪૦ ટકા ભૂમિકા તો કોવિડની રહી છે. આ ઉપરાંત ભારત જેવા દેશમાંથી મોટી સંખ્યામાં યુવાનો કેનેડા જાય છે પરંતુ પછી સિટિઝનશિપ માટે પ્રયાસ કરવો કે નહીં તે ત્યાંની પરિસ્થિતિ જોઈને નક્કી કરવામાં આવે છે.

## બેંગલુરુમાં કાર પાર્કિંગને લઇને પાડોશીઓએ કપલ સાથે કરી મારામારી

। નવી દિલ્હી, તા.૧૯ ।

કાર પાર્કિંગનો વિવાદ મોટી સમસ્યા બની ગયો છે. જેમાં વિવાદ ક્યારે લોહિયાળ જંગમાં ખેલમાં ફેરવાઈ જાય છે તે કહી શકાય નહીં. આવો જ એક કિસ્સો બેંગલુરુમાં પણ સામે આવ્યો છે. અહીં એક વ્યક્તિને તેના પાડોશીઓએ ખૂબ માર માર્યો હતો. બેંગલુરુમાં રવિવારે રાત્રે એક વ્યક્તિને તેના પડોશીઓએ ખૂબ માર માર્યો હતો. તે વ્યક્તિની ભૂલ માત્ર એટલી હતી કે તેણે પોતાની કાર ઘરની સામે સાર્વજનિક જગ્યાએ પાર્ક કરી હતી. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં પાડોશીઓએ એક વ્યક્તિને થપ્પડ મારી, તેને જમીન પર પછાડી દીધો અને ખૂબ માર માર્યો હતો. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે બે લોકો એક વ્યક્તિને તેની કાર તરફ ઈશારો કરીને મારપીટ કરી રહ્યા છે. જ્યારે તે લડવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેને નીચે પાડી દેવામાં આવે છે. આ વ્યક્તિ સાથે એક મહિલા પણ હતી, જે સમગ્ર ઘટનાને રેકોર્ડ કરતી જોવા મળી હતી.

### વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલા બાદ યુનિવર્સિટીની નવી ગાઈડલાઈન

# ગામ્બિયાના ડેલિગેશને યુનિવર્સિટી હોસ્ટેલની મુલાકાત કરી હતી



। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં નમાઝ અદા કરવા મામલે વિદેશી વિદ્યાર્થીઓ પર થયેલ હુમલાના વિવાદની આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે. આ ઘટનામાં પોલીસે અત્યાર સુધીમાં પાંચ લોકોને ઝડપી પાડ્યા છે તેમજ યુનિવર્સિટી તંત્રએ પણ નવી ગાઈલાઈન જાહેર કરી છે. તો બીજીતરફ ગામ્બિયા દેશનું ડેલિગેશનહોસ્ટેલની મુલાકાત લેવા ગુજરાત યુનિવર્સિટી આવ્યું છે. આ ઉપરાંત અફઘાનિસ્તાનના કોન્સ્યુલ જનરલ ઝાકિયા વર્દાક પણ ગુજરાત આવી શકે છે. ગુજરાત યુનિવર્સિટીમાં શનિવારે ૧૬ માર્ચે વિદેશી વિદ્યાર્થીઓ હોસ્ટેલ પરિસરમાં નમાઝ અદા કરી રહ્યા હતા. આ દરમિયાન ૨૦થી ૨૫ લોકોના ટોળાએ હુમલો અને ઝપાઝપી કરતા પાંચ વિદેશી વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના બાદ તેના પડઘા વિદેશમાં પણ બન્યા છે. બનાવના બે દિવસ બાદ અલગ દેશોના હાઈ કમિશન ગુજરાત યુનિવર્સિટી આવવાના શરૂ થયા છે. આજે ગામ્બિયા દેશનું હાઈ કમિશનર ગુજરાત યુનિવર્સિટી પહોંચી કુલપતી સાથે બેઠક કરવા ઉપરાંત પીડિત વિદેશી વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. યુનિવર્સિટીના હોસ્ટેલમાં વિવિધ દેશના ૭૦થી વધુ વિદ્યાર્થીઓ રહે છે, જેમાં ગામ્બિયાના ૨૬ વિદ્યાર્થીઓનો પણ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. હોસ્ટેલમાં મારામારીની ઘટના બાદ ગામ્બિયાની ટીમે અમદાવાદ પહોંચી પીડિત વિદેશી વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. ગામ્બિયાના ડેલિગેશને કુલપતિને મળી વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ચર્ચા કરી છે.

### સાવલીના ભાજપના ધારાસભ્યએ રાજીનામું આપ્યું હતું

# સી.આર. પાટીલ સાથેની મુલાકાત બાદ કેતન ઈનામદારે રાજીનામુ પાછું ખેંચ્યું

### જૂના કાર્યકરના માન સન્માનની વાત હતી, દરેકની કામ કરવાની પદ્ધતિ અલગ હોય છે, મારી કામ કરવાની પદ્ધતિ અલગ છે, વ્યક્તિગત કોઈનો વિરોધ નથીઃ કેતન

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

ભાજપમાં ચાલી રહેલા ભરતી મેળાથી નારાજ થઈને આજે (૧૯ માર્ચ) અચાનક સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું ઈમેઈલથી વિધાનસભા અધ્યક્ષને મોકલ્યું હતું. ત્યારબાદથી કેતન ઈનામદારને સમજાવવાના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. જામનગરના ધારાસભ્ય અને વડોદરા જિલ્લાના પ્રભારી સાવલી ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં એક કલાકની બેઠક બાદ તેમને ગાંધીનગર બોલાવવામાં આવ્યા હોવાનો સંદેશો મળતા કેતન ઈનામદાર ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે મુલાકાત કરી હતી. જ્યારબાદ તેમણે રાજીનામું પરત ખેંચવાનો નિર્ણય કર્યો હતો. હર્ષ સંઘવીના પ્રયાસથી મામલો શાંત પડ્યો. આમ, કેતન ઈનામદાર માની જતા વડોદરા ભાજપની આગ ઓલવાઈ છે.

ઈનામદારે આ અંગે વાત કરતા કહ્યું કે, 'મેં મારી વેદના સી.આર. પાટીલ સામે રજૂ કરી. મેં મારા અંતર આત્માની વાત કરી. અમારા વચ્ચે સકારાત્મક માહોલમાં ચર્ચા થઈ. જૂના કાર્યકરના માન સન્માનની વાત હતી. દરેકની કામ કરવાની પદ્ધતિ અલગ હોય છે. મારી કામ કરવાની પદ્ધતિ અલગ છે. વ્યક્તિગત કોઈનો વિરોધ નથી. મારા વિસ્તારમાં ખેડૂતોને પાણી મળે તે મારી માંગ હતી. હું ૨૦૨૭ની ચૂંટણી નહીં લડું.' આમ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે મુદો સાંભળતા સમાધાન થયું છે. રાજીનામું પરત ખેંચ્યાની કેતન ઈનામદારે વિધાનસભા અધ્યક્ષને જાણ કરી છે.

ઈનામદારે કહ્યું કે, આચાર સંહિતા પહેલા મારા કામ પૂર્ણ થાય તેવી ઈચ્છા હતી. મારા વિસ્તારમાં મહી વિયર યોજનાને લઈને મારી નારાજગી હતી. મારા પ્રશ્નો પૂર્ણ કરવા મને ખાતરી આપવામાં આવી છે. ખેડૂતોને પાણી મળે તે મારી માંગ હતી. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું ઈ-મેઈલ કરતા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે કહ્યું હતું કે, 'કોઈ ધારાસભ્ય નક્કી નહીં કરે કે કોને પાર્ટીમાં લેવા અને ન લેવા. પાર્ટી નક્કી કરશે. પાર્ટીના નિતિ નિયમો મુજબ ચાલશે.'

# ઝાલોદ નગરમાં પોલીસ દ્વારા આગામી તહેવારો અને લોકસભાની ચૂંટણી અંતર્ગત ફૂટમાર્ચ યોજવામાં આવ્યું





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ નગરમાં કાયદો અને વ્યવસ્થા સુચારુ રીતે ચાલે તેમજ આગામી હોળી, ધુળેટી,રમઝાન તેમજ લોકસભાની ચુંટણી આવનાર હોઈ નગરમાં અશાંતિ ન ફેલાય તે માટે નગરના જાહેર માર્ગો પર પોલીસ તંત્ર દ્વારા ફૂટમાર્ચ કાઢવામાં આવી હતી. તેમજ પોલીસ તંત્ર દ્વારા પ્રજાને એલર્ટ કરાતા નગરના જાહેર હિતમાં કોઈ પણ પ્રકારની અફવાઓ કોઈ ન ફેલાવે તેમજ કોઈપણ જાતની કાયદાકીય ગૂંચવણ કે કોઈ અફવા સ સાંભળવા મળે તો તુરંત પોલીસનુ ધ્યાન દોરવું. આજના સોશિયલ મીડિયાના જમાનામાં કોઈ પણ સમાચાર કે પબ્લિક હિતને નુકશાન કરતા કોઈ પણ મેસેજ સમજ્યા વગર ફોરવર્ડ કરવા નહીં તેમજ કોઈ પણ સમાચાર કે અફવા જોવા, જાણવા કે સાંભળવા મળે તો તુરંત નગરના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

**ન્યૂઝ બ્રિફ**

## હિંમતનગરના કોલેજ રોડ પર દબાણો પર બુલડોઝર ફર્યુ

। (એજન્સી) હિંમતનગર, તા.૧૯ ।

હિંમતનગર શહેરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના મુખ્ય માર્ગ પર જ દબાણો વધવાને લઈ વિદ્યાર્થીઓને માટે સમસ્યા સર્જાઈ હતી. વિદ્યાર્થીઓની અવર જવરથી લઈને વિદ્યાર્થીઓની સલામતી માટે પાલિકા દ્વારા આ મામલે દબાણો દૂર કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા બુલડોઝર ફેરવીને દબાણોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં દરરોજ ત્રણ થી ચાર હજાર વિદ્યાર્થીઓની અવરજવર રહેતી હોય છે. સાયન્સ, ફાર્મસી અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટેનો મુખ્ય માર્ગ પર જ દબાણકારો દબાણ કરી દેવામાં આવ્યા હતા. તેમજ રોડ પર જ પાર્કિંગ કરી દેવામાં આવતા હતા અને જેની પર ટોળા વળીને દબાણકારોને ગ્રાહકો અને અન્ય ટોળાઓ બેસી રહેતા હોવાની ફરિયાદો ઉઠી હતી.

## તળાવમાં ડૂબવાથી ૭ વર્ષની બાળકીનું મોત નીપજ્યુ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

ઉન વિસ્તારમાં તળાવમાં ડૂબવાથી ૭ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે. સોસાયટીના રહીશોએ ધાર્મિક તહેવારોની ઉજવણી માટે તળાવ બનાવ્યું હતું. નાની બાળકી અન્ય બાળકો સાથે તળાવના ઓટલા પાસે નહાતી હતી ત્યારે અચાનક તે ઊંડા પાણીમાં ગરકી ગઈ હતી. તળાવમાં નહાતી વખતે ડૂબી જવાથી બાળકીનું મોત નિપજ્યું છે. બાળકી ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા દુર્ઘટના ઘટી હતી. બનાવ સંદર્ભે ભેસ્તાન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે આ કિસ્સો વાલીઓ માટે લાલબત્તી સમાન છે જ્યાં બાળકી માટે લાપરવાહ થઈ પાણીમાં મોકલવાના નિર્ણયના ગંભીર પરિણામ ભોગવવાનો વારો આવ્યો છે.



હોળી ધુળેટીના તહેવારમાં ભગવાનને ધરાવવા માટે હાયડા બનાવી રહેલ કારીગર.

### લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ખાતે

# પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો દ્વારા 'મતદાન જાગૃતિ' અંગે રેલી યોજાઈ

### યુવા મતદારોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીના માર્ગદર્શનમાં કરાયું આયોજન

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત યુનિવર્સિટી ખાતે અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીના માર્ગદર્શનમાં આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા અને અચૂક મતદાનના શપથ લેવડાવવા મતદાન જાગૃતિ યુવા સંવાદ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં યુવાનોએ મતદાન જાગૃતિ અંગેના વિવિધ બેનરો જેવા કે, 'દસ મિનિટ દેશ માટે', 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ' જેવાં વિવિધ સૂત્રો દ્વારા લોકોને માહિતગાર કર્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક પોલીસી ગર્વનન્સ વિભાગના પ્રથમ વખત મતદાન કરનાર યુવાનો દ્વારા આ રેલી યોજવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય ખાતેથી શરુ કરાયેલ આ રેલી




દાદા સાહેબ પગલા ચાર રસ્તા, વિજય ચાર રસ્તા, સેપ્ટ યુનિવર્સિટી રોડ, એલ.ડી એન્જિનિયરિંગ કૉલેજથી એલ.ડી આર્ટસ કોલેજના રસ્તાથી ગુજરાત યુનિવર્સિટી ખાતે પરત ફરી હતી. આ રેલી બાદ મતદાન જાગૃતિમાં સક્રિય ભાગીદારી વધારવા એક ઓરીએન્ટેશન યોજાયું હતું. જેમાં ભારતના ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણીલક્ષી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી પૂરી પાડવામાં આવી હતી. ઉપસ્થિત યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા.

### આચારસંહિતાના અમલ સાથે

# અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦,૬૦૬ પ્રચારાત્મક સામગ્રીઓ દૂર કરાઇ

। અમદાવાદ, તા.૧૯ ।

ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની તારીખો જાહેર થતાં જ સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. આચારસંહિતા અમલમાં આવતાં જ અમદાવાદ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે.આચારસંહિતા અમલમાં આવતાં જ જિલ્લાની સરકારી અને ખાનગી મિલકતો પરની પ્રચારાત્મક સામગ્રીઓ હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના નિર્દેશ મુજબ આચારસંહિતા અમલીકરણ સમિતિ દ્વારા તત્કાલ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આચારસંહિતાના અમલીકરણના ભાગ રૂપે અત્યારસુધીમાં ૨૦,૬૦૬ પ્રચારાત્મક સામગ્રી હટાવી દેવામાં આવી છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં જાહેર મિલકતો પરથી ૯૫૧૫ વોલ પેઈન્ટિંગ, ૧૮૩૬ પોસ્ટર, ૩૦૯૯ બેનર અને અન્ય ૧૪૬૬ એમ



કુલ ૧૫૯૧૬ પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. જ્યારે ખાનગી મિલકતો પરથી ૨૮૫૪વોલ પેઈન્ટિંગ, ૪૯૩ પોસ્ટર, ૭૬૩ બેનર અને અન્ય ૫૮૦ એમ કુલ ૪૬૯૦ પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. આમ, કુલ ૨૦,૬૦૬ પ્રચારાત્મક સામગ્રી હટાવવામાં આવી છે. આ ઉપરાંત જાહેર મિલકત પરની ૧૫૯૧૬ તથા ખાનગી મિલકતો પરથી ૪૬૯૦ પ્રચારાત્મક લખાણો-રેખાંકનોને ભૂંસવાની કામગીરી પણ ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

### અમદાવાદ જિલ્લામાં ૫૧,૦૦૦થી વધારે ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો મતદાન કરશે

# અમદાવાદ જિલ્લામાં ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો મતદાન પર્વમાં ઘરે બેઠા થઈ શકશે સહભાગી

। અમદાવાદ, તા.૧૯ ।

ભારતના ચૂંટણીપંચ દ્વારા તાજેતરમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર ગુજરાતમાં ત્રીજા તબક્કામાં તારીખ ૭મી મે-૨૦૨૪ના રોજ તમામ બેઠકો પર મતદાન યોજાનાર છે. જેના સંદર્ભે આગામી તારીખ ૧૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવશે.

લોકસભા ચૂંટણીને અનુલક્ષીને અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરના માર્ગદર્શનમાં જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી વિગતો અનુસાર અમદાવાદ જિલ્લામાં ૫૧,૦૦૦થી વધારે ૮૫ વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો મતદાન પર્વમાં સહભાગી થવાના છે.

વરિષ્ઠ અને શતાયુ મતદારોની વિગતવાર વાત કરીએ તો, સૌથી વધુ અમદાવાદ પશ્ચિમ લોકસભામાં ૧૮,૮૩૬ મતદારો ૮૫ વયના છે જ્યારે અમદાવાદ પૂર્વ લોકસભામાં ૬૫૮૦ મતદારો ૮૫ વયના છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભામાં ૧૬,૮૩૧ મતદારો ૮૫ વયના છે. લોકસભા મતક્ષેત્રમાં આવતા વિધાનસભાના વિસ્તાર વાઈઝ આ સંખ્યાની વાત કરીએ તો, અમદાવાદ પશ્ચિમ લોકસભાના એલિસબ્રીજ વિધાનસભામાં ૬૯૬૨, અમરાઈવાડી વિધાનસભામાં ૧૭૨૦, દરિયાપુર વિધાનસભામાં ૨૦૮૨, જમાલપુર-ખાડિયા વિધાનસભામાં ૧૬૦૭, મણિનગર વિધાનસભામાં ૨૮૮૧, દાણીલીમડા વિધાનસભામાં ૧૯૦૮ અને અસારવા વિધાનસભામાં ૧૬૭૬ મતદારો ૮૫ વયના છે. અમદાવાદ પૂર્વ લોકસભાના વટવા વિધાનસભામાં ૧૧૬૬, નિકોલ વિધાનસભામાં ૧૦૧૩, નરોડા વિધાનસભામાં ૧૯૩૯, ઠક્કરબાપાનગર વિધાનસભામાં ૧૧૮૨, અને બાપુનગર વિધાનસભામાં ૧૨૮૦ મતદારો ૮૫ વયના છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભાના ઘાટલોડિયા વિધાનસભામાં ૪૦૦૫, વેજલપુર વિધાનસભામાં ૪૩૯૩, નારણપુરા વિધાનસભામાં ૪૧૬૨, સાબરમતી વિધાનસભામાં ૨૩૩૭ અને સાણંદ વિધાનસભામાં ૧૯૩૪ મતદારો ૮૫ વયના છે. સુરેન્દ્રનગર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ બે વિધાનસભા વિરમગામ અને ધંધુકા અમદાવાદ જિલ્લામાં આવે છે જ્યારે ખેડા લોકસભા મતવિસ્તારમાં પણ સમાવિષ્ટ બે વિધાનસભા ધોળકા અને દસ્ક્રોઈ અમદાવાદ જિલ્લામાં આવે છે. આ ચાર વિધાનસભાની વાત કરીએ તો, વિરમગામ વિધાનસભામાં ૨૫૩૨ અને ધંધુકા વિધાનસભામાં ૩૩૩૦ મતદારો ૮૫ વયના છે.







### રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાની કહી 'ના'

# અમિત નાયકે અમદાવાદ પૂર્વ બેઠક પર ચૂંટણી લડવા તૈયારી દર્શાવી

। (એજન્સી) અમદાવાદ , તા.૧૯ ।

રોહન ગુપ્તાએ સોશિયલ મીડિયા એક્સ દ્વારા ચૂંટણી લડવા માટે અસક્ષમ હોવાનુ જણાવ્યુ છે. રોહન ગુપ્તાએ જણાવ્યુ છે કે પિતાની અત્યંત કથળેલા સ્વાસ્થ્યને કારણે તેઓ અમદાવાદ પૂર્વ બેઠક પરથી તેમની ઉમેદવારી પરત ખેંચે છે અને આ સ્થિતિમાં નૈતિક રીતે તેઓ આ જવાબદારી સ્વીકારવા અસક્ષમ હોવાનુ જણાવ્યુ છે. અમદાવાદ પૂર્વ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાની ના કહી છે, ત્યારે ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયકે અમદાવાદ પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડવા તૈયારી દર્શાવી છે. અમિત નાયકે કહ્યું કે પક્ષને જો જરૂર હશે તો ચોક્કસ તેઓ અમદાવાદ પૂર્વથી ચૂંટણી લડશે. રોહન ગુપ્તાએ સોશિયલ મીડિયા એક્સ દ્વારા ચૂંટણી લડવા માટે અસક્ષમ હોવાનુ જણાવ્યુ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨